


સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

ઓગષ્ટ - ૨૦૧૧
બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી દ્વિતીય ચરણ આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ - જૂનાગઢ'ના ઉપક્રમે સરધાર મંદિર આયોજીત તા.૨૧-૭-૨૦૧૧ થી ૧૭-૮-૨૦૧૧ સુધી યોજાયેલ ચારધામની આઠમી

## શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા

પ્રયોજક :- પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી





પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ સરધાર મંદિર આયોજીત
તા.૨૧-૭-૨૦૧૧ થી ૧૭-૮-૨૦૧૧ સુધી યોજાયેલ ચારધામની આઠમી 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા-૨૦૧૧'




















પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ સરધાર મંદિર આયોજીત
તા.૨૧-૭-૨૦૧૧ થી ૧૭-૮-૨૦૧૧ સુધી યોજાયેલ ચારધામની આઠમી 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા-૨૦૧૧'

## અલ્હાબાદ દર્શન








## મથુરા-ગોકુળ-વૃંદાવન દર્શન





## દ્વારકા દર્શન





પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ સરધાર મંદિર આયોજીત તા. ૨૧-૭-૨૦૧૧ થી ૧૭-૮-૨૦૧૧ સુધી યોજાયેલ ચારધામની આઠમી 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા-૨૦૧૧'



:: સંસ્થાપક ::     :: અધ્યક્ષ ::


# શ્રી સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૭, અંક :- ૧, તા. ૨૦-૦૮-૧૧

:: પ્રયોજક ::
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ
પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી
**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

**તંત્રી :** સાધુ પતિતપાવનદાસજી

:: સંપાદક ::
સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

| | |
|---|---|
| બે વર્ષ | : ₹. ૧૬૦/- |
| પંચવાર્ષિક | : ₹. ૩૫૦/- |
| પચ્ચીસ વર્ષ | : ₹. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 200 U.S.A. |
| | : £ 100 U.K. |



:: લવાજમદર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
**Visit us :** www.sardhardham.org
www.swaminarayanvadtalgadi.org
**E-mail :** chintansardhar@yahoo.in
sardharmandir@gmail.com




**સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના આઠમા વંશજ તેમજ સં. ૨૦૦૫ શ્રાવણ વદ - ૭/૮ (તા. ૧૬-૦૮-૧૯૪૯)ના પરમ પવિત્ર દિવસે પ્રાગટ્ય પામેલા પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દ૨મા જન્મોત્સવે શ્રીચરણોમાં કોટિ કોટિ વંદન..**

## :: અનુક્રમણિકા ::


૧ પંચ વર્તમાનરૂપી આચારસંહિતા... ૦૬
- સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય) તથા સાધુ અમૃતસ્વરૂપદાસજી તથા પાર્ષદ કુણાલ ભગત - સરધાર

૧ દારુ ન પીવો... ૧૨

૧ માંસ ન ખાવું (માટી)... ૧૫

૧ વ્યભિચાર ન કરવો (અવેરી)... ૨૦

૧ ચોરી ન કરવી... ૨૨

૧ વટલવું નહિ - વટલાવવું નહિ... ૨૪

૨ આઠમી શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા..... ૨૮
- સંકલિત

૩ સત્સંગ સમાચાર પત્રિકા... ૩૦
- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી તથા સાધુ ધર્મવલ્લભદાસજી - સરધાર

૪ પુનઃ પ્રકાશિત ત્રીજી આવૃત્તિ - શ્રી સત્સંગિજીવન ગ્રંથ... ૩૩
- સંકલિત

૫ શ્રીમદ્ સત્સંગિજીવન કથા મહોત્સવ, જગન્નાથપુરી - ૨૦૧૧ ૩૫
- સંકલિત

૬ શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ - લંડન, યુ.કે. ૩૬
- સંકલિત




શ્રીમદ્ એકાંતિક ધર્મપ્રવર્તક, સદાચારના સર્જક સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના આશ્રિતો માટે પ્રવર્તાવેલ

# ...પંચ વર્તમાનરૂપી આચાર સંહિતા...

દારુ ન પીવો ● માંસ ન ખાવું (માટી) ● ચોરી ન કરવી ● વ્યભિચાર ન કરવો (અવેરી) ● વટલવું નહિ - વટલાવવું નહિ

સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય) તથા સાધુ અમૃતસ્વરૂપદાસજી તથા પાર્ષદ કુણાલ ભગત - સરધાર

**ઓ**ગણીસમી સદીની પૂર્વ સંધ્યાએ ગુજરાત-સૌરાષ્ટ્રની ભૂમિમાં **અરાજકતા-**અંધાધૂંધી અને આતંકનું **સામ્રાજ્ય** પૂરજોશથી પ્રવર્તતું હતું. પેશ્વાના પતન બાદ, હવે ઈંગ્લેન્ડની ઈસ્ટ ઈન્ડિયા કંપની સરકારે વેપારના નેજા નીચે **સત્તાની જમાવટ** કરવાની શરૂઆત કરી હતી. સમસ્ત હિન્દુસ્તાનની જેમ, ગુજરાતના પ્રદેશોમાં પણ ગામડે ગામડે ખાખી **જમાતોના ઝૂંડ** ઊતરી આવતાં હતાં. માંસ-મદિરા અને મૈથુનમાં મદમસ્ત એવી આ જમાતો ગામડાંની ભોળી, અજ્ઞાની અને વહેમી પ્રજા ઉપર **જોહુકમી** કરી, હિંસા અને પાપાચાર આદરતી હતી. તેમના ધાક-ધમકી, લૂંટફાટ અને વ્યભિચારે માઝા મૂકી હતી. તેઓ પ્રજાને માર્ગદર્શન આપવાને બદલે પ્રજા ઉપર **આફતોનો વરસાદ** વરસાવતા હતા.



આવા પ્રગાઢ અંધકાર અને અજ્ઞાનયુક્ત ભયંકર વાતાવરણના સમયમાં અસુરોનો તથા અધર્મનો નાશ કરવા અને પ્રજાનું તથા ધર્મનું રક્ષણ કરવા અને પોતાના સ્વપ્રકાશથી જીવાત્માઓના અંધકારયુક્ત વાતાવરણને ઉજાસ કરવા માટે લખનૌથી ગોરખપુર જતાં, અયોધ્યાથી આશરે ત્રીસેક કિલોમીટરના અંતરે **'છપૈયા'** નામે એક નાનકડા ગામમાં, એક અતિ પવિત્ર બ્રાહ્મણગૃહે, અતિ તેજોમય **સૂર્ય** પ્રગટી ચૂક્યો હતો. પ્રગટતાની સાથે જ, તેઓના દિવ્યચરિત્રોના અનુભવોની શૃંખલા ઘરમાં, કુટુંબમાં, ગામમાં અને આજુબાજુના પ્રદેશોમાં શરૂ થઈ ગઈ હતી. બાલપ્રભુ શ્રી **ઘનશ્યામ**રૂપે સૌને દૃષ્ટિગોચર એવી આ દિવ્ય વિભૂતિએ પિતા ધર્મદેવના સાંનિધ્યમાં વેદવેદાંત, ષડ્દર્શન, શ્રીમદ્ ભાગવત, રામાયણ-મહાભારત આદિક સત્ગ્રંથોનો **ગહન અભ્યાસ** કરી, પંડિતો સાથે **શાસ્ત્રાર્થ** કરવા સુધીની **ક્ષમતા** પ્રાપ્ત કરી લીધી હતી.

માતા ભક્તિદેવી અને પિતા ધર્મદેવના સ્વધામગમન બાદ, સંસાર પ્રત્યેની ભારોભાર ઉદાસીનતા દાખવતા ઘનશ્યામ પ્રભુએ માત્ર અગિયાર વર્ષની ઉંમરે **ગૃહત્યાગ** કરી હિમાલયની વાટ પકડી, ગોપાળયોગીના યોગમાં આવી તપશ્ચર્યા કરી. ભારતના ચારેય ખુણે અડવાણે પગે, એક કૌપીનભેર, વિશ્વ સમુદાયે કદી નહિ જોયેલું-જાણેલું એવું, ડગલે ને પગલે આપદા-વિપદાઓથી ભરેલું એક વિરાટ **તીર્થાટન** પ્રારંભ્યું. માનસરોવરથી લઈને હિન્દુસ્તાનના પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણના તમામ તીર્થોમાં ફરી, તેમને તીર્થત્વ બક્ષ્યું. મઠાધીશો-મહંતોના વ્યવહાર-આચારમાં જ્યાં જ્યાં વિષમતા, વહેમ અને વ્યભિચાર જોયાં ત્યાં ત્યાં અદમ્ય હિંમતથી તેમને પડકાર્યા. આ વિકટ વિચરણ દરમિયાન ધન અને સ્ત્રીમાં આકર્ષનારી અનેક ઘટનાઓ ઘટી, પરંતુ એ સૌને ઠોકરે મારી, ન ક્યાંય લલચાયા, ન ક્યાંય લોભાયા. સાત વર્ષના લાંબા તીર્થાટન બાદ ગુજરાતના સોરઠ પ્રદેશના **લોજપુર** ગામે આ વિરલ પરિવ્રાજકના પદારવિંદ થંભ્યા. ત્યાં રામાનંદ સ્વામીના આશ્રમમાં શ્રી **મુક્તાનંદ સ્વામી**નો મેળાપ થયો. વન વિચરણ દરમિયાન અનેક તથાકથિત વિદ્વાનો-મઠાધિપતિઓને જે પાંચ તત્ત્વો - જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મના ભેદ અંગેનો પ્રશ્ન પૂછતા, તે પ્રશ્નનો અતિ સંતોષકારક ઉત્તર, મુક્તાનંદ સ્વામી તરફથી મળતાં ત્યાં રોકાયા.

લોજપુર ગામે આશ્રમમાં આવતાની સાથે જ શરૂઆતના દિવસોમાં જ **બાઈ-ભાઈની સભા** નોખી કરાવી. સાધુઓની પડોશમાં આવેલા એક ગૃહસ્થીના ઘરની દીવાલ વચ્ચેથી દેવતાની થતી આપ-લે **'આ સાધુતાના ધર્મમાં છિદ્ર છે'** એમ કહી ગોખલો પુરાવી બંધ કરાવ્યો. **આધ્યાત્મિક ચેતના**ના પ્રગટીકરણ અને પ્રસારણના

"...પ્રગાઢ અંધકાર અને અજ્ઞાનયુક્ત ભયંકર વાતાવરણના સમયમાં અસુરોનો તથા અધર્મનો નાશ કરવા અને પ્રજાનું તથા ધર્મનું રક્ષણ કરવા અને પોતાના સ્વપ્રકાશથી જીવાત્માઓના અંધકારયુક્ત વાતાવરણને ઉજાસ કરવા માટે લખનૌથી ગોરખપુર જતાં, અયોધ્યાથી આશરે ત્રીસેક કિલોમીટરના અંતરે **'છપૈયા'** નામે એક નાનકડા ગામમાં, એક અતિ પવિત્ર બ્રાહ્મણગૃહે, અતિ તેજોમય **સૂર્ય** પ્રગટી ચૂક્યો હતો..."

તેમના **વિશાળ આંદોલન**નું આ હતું **પ્રાથમિક** સોપાન.



'નીચી જાતિઓને સુસંસ્કૃત કરવાની સ્વામિનારાયણની પદ્ધતિ જુદા પ્રકારની હતી. એમનો **સુધારો** ઉચ્ચ જાતિઓને હલકી જાતિઓ સાથે ભેળવી દઈને ઉચ્ચ જાતિમાં હલકા સંસ્કાર પાડવાનો ન હતો, પણ નીચ જાતિઓને ચઢાવી એમનામાં **ઉચ્ચ જાતિના સંસ્કાર** પાડવામાં સમાયો હતો. એટલે એમણે ઢેઢ, મોચી, સુથાર, કણબી અને મુસલમાન સુધ્ધાંને શુદ્ધ બ્રાહ્મણ જેવી રહેણી રહેતા શીખવી દીધું. મદ્ય-માંસ ખાવું નહિ, ગાળ્યાં વિનાના દૂધ-જળ પીવાં નહિ, અરે ! ડુંગળી-લસણ અને હિંગ જેવી વસ્તુઓનો પણ ત્યાગ રાખવો - એ **સ્વામિનારાયણીય સંસ્કારો** હતા.'
(સહજાનંદ સ્વામી અથવા સ્વામિનારાયણ સંપ્રદાય, પ્ર. નવજીવન પ્રકાશન મંદિર - અમદાવાદ)

થોડા સમય બાદ જ પીપલાણામાં ઉદ્ધવાવતાર **શ્રી રામાનંદ સ્વામી** સાથે મિલન થયું, તેમને **ગુરુ** તરીકે સ્વીકાર્યા. આ તપસ્વી, તેજોમય વર્ણીરાજને રામાનંદ સ્વામીએ દીક્ષા આપી **'સહજાનંદ સ્વામી'** અને **'નારાયણમુનિ'** એવા નામાભિધાન કર્યા. બરાબર એક વર્ષ બાદ, પ્રબોધિની એકાદશીના મંગલમય પર્વે સહજાનંદ સ્વામીને જેતપુરમાં **ધર્મધુરા** સોંપી ત્યારે 'તમારા સત્સંગી હોય તેને એક વીંછીનું દુઃખ થવાનું હોય, તો તે મને એક એક રૂંવાડે કોટિ કોટિ વીંછીનું દુઃખ થાઓ, પણ તમારા સત્સંગીને તે ન થાઓ.' અને 'તમારા સત્સંગીના પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય તે મને આવે પણ તમારા સત્સંગી અન્ન-વસ્ત્રે કરીને દુઃખી ન થાય.' આ **વરદાન** માંગી સહજાનંદ સ્વામીએ આધ્યાત્મિક ચેતનાની **આહલેક**નો **આરંભ** પોતાની આગવી **દિવ્ય રીતિ**થી કર્યો.

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના યોગમાં આવનાર હજારો વ્યક્તિઓના જીવન અને જીવના સ્વભાવો બદલી નાખ્યાં. આસુરી અને અહંકારી પ્રકૃતિ ધરાવતી વ્યક્તિઓના જીવન દૈવી ગુણોથી ભરી દીધાં. જે હાથમાં ભાલા-તીર-બરછી જેવાં આયુધો રહેતા હતા એવી વ્યક્તિઓને પ્રથમ સંપર્કમાં જ **ઐશ્વર્ય-પ્રતાપ** બતાવી, સાત્ત્વિક જીવન જીવતી કરી દઈ તેમના હાથમાં માળા ફેરવાતી કરી દીધી. તેમના આંતરમનના અવયવ બદલી નાખ્યાં. તેમના કામ, ક્રોધ, ઈર્ષ્યા, અસૂયા, લોભ, માન જેવા આસુરી સ્વભાવોને હણ્યા.

આ વાતનું **સમર્થન** આપતા ગુજરાતના પ્રસિદ્ધ ગાંધીવાદી ચિંતક **શ્રી કિશોરલાલ મશરૂવાલા** કહે છે :- 'જે સમયે ગુજરાત-કાઠિયાવાડમાં અંધકાર છાઈ રહ્યો હતો, તે વખતે પોતાના પ્રતાપથી અનેકનાં હૃદયોને પ્રકાશ પમાડનાર, અનેકનાં ચિત્તનું આકર્ષણ કરી તેમને ગુરુવચને ચૂરેચૂરા થઈ જાય એવા સ્વવશ કરી મૂકનાર, કાઠી-કોળી જેવા અનેકની ચૌર્યવૃત્તિઓને ચોરી લેનાર, લુપ્ત થયેલા બ્રહ્મચર્યાશ્રમને પુનઃ સ્થાપનાર, નિરંકુશ અને સ્વચ્છંદી બનેલા ત્યાગાશ્રમને ઉજ્જ્વલ કરનાર, પતિત થયેલા ગુરુઓ અને આચાર્યો માટે સંયમનો **આદર્શ** બેસાડનાર, સ્ત્રીઓને સમાજ તથા સંપ્રદાયમાં **ચોક્કસ સ્થાન** આપી તેમની ઉન્નતિ કરનાર, અહિંદુને હિંદુ ધર્મમાં શામિલ કરનાર, શૂદ્રોને આચારશુદ્ધિ શીખવનાર, સાહિત્ય-સંગીત તથા કળાના પોષક, અહિંસામય યજ્ઞના પ્રવર્તક, ક્ષમા ધર્મના ઉપદેશક, શૌચ અને સદાચારના સંસ્થાપક, શુદ્ધ ભક્તિમાર્ગ અને શુદ્ધ જ્ઞાનમાર્ગના ચાલક, **ભાગવતધર્મના શિક્ષક** તથા **વ્યાસસિદ્ધાંતના બોધક** એવા **શ્રી સહજાનંદ સ્વામી** હતા.'

(સહજાનંદ સ્વામી અથવા સ્વામિનારાયણ સંપ્રદાય , પ્ર.નવજીવન પ્રકાશન મંદિર - અમદાવાદ)

પોતાના આશ્રિતો નિયમમાં વર્તે, તેમનામાં આચારશુદ્ધિ, આહારશુદ્ધિ, વિચારશુદ્ધિ, વ્યવહારશુદ્ધિ આવે અને સૌ આધ્યાત્મિક ઉન્નતિ માટેની કેડી કંડારે, તે માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે સં. ૧૮૮૨ના વસંતપંચમીના શુભ દિવસે શિક્ષાપત્રીનો અદ્‌ભુત ગ્રંથ ભેટ ધર્યો. તેમાં શ્રુતિ-સ્મૃતિ અને અન્ય શાસ્ત્રોનો સાર સમાવી લીધો. ૨૧૨ શ્લોકોથી સોહતી આ **બાહ્ય-આંતરશુદ્ધિની સંહિતા,** 'પાળશે તે અમારા આશ્રિત, ન પાળે તે સત્સંગથી બહાર' એવી વાત પણ કરી.

જ્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણ રાજકોટમાં અંગ્રેજ ગવર્નર **સર માલ્કમ**ને મળ્યા અને **શિક્ષાપત્રી** ભેટ આપી ત્યારે સાનંદાશ્ચર્યથી માલ્કમ સાહેબે પૂછ્યું કે, 'અમારાં શસ્ત્રો અને સિપાઈઓથી આ કાઠી પ્રજાને અમે સંભાળી નથી શક્યા, તો આપે એમને કેવી રીતે નિયમમાં રાખ્યા ?' ત્યારે ભગવાન શ્રીહરિએ કહ્યું કે, 'એમને શસ્ત્ર નહિ, આ **શિક્ષાપત્રીનું શાસ્ત્ર** મળ્યું છે અને તેથી સૌ નિયમમાં વર્તે છે.'

ગાંધીવાદી ચિંતક **શ્રી કિશોરલાલ મશરૂવાલા** કહે છે : 'નીચી જાતિઓને સુસંસ્કૃત કરવાની સ્વામિનારાયણની પદ્ધતિ જુદા પ્રકારની હતી. એમનો **સુધારો** ઉચ્ચ જાતિઓને હલકી જાતિઓ સાથે ભેળવી દઈને ઉચ્ચ જાતિમાં હલકા સંસ્કાર પાડવાનો ન હતો, પણ નીચ જાતિઓને ચઢાવી એમનામાં **ઉચ્ચ જાતિના સંસ્કાર** પાડવામાં સમાયો હતો. એટલે એમણે ઢેઢ, મોચી, સુથાર, કણબી અને મુસલમાન સુધ્ધાંને શુદ્ધ બ્રાહ્મણ જેવી રહેણી રહેતા શીખવી દીધું. મદ્ય-માંસ ખાવું નહિ, ગાળ્યાં વિનાના દૂધ-જળ પીવાં નહિ, અરે ! ડુંગળી-લસણ અને હિંગ જેવી વસ્તુઓનો પણ ત્યાગ રાખવો - એ **સ્વામિનારાયણીય સંસ્કારો** હતા.'

(સહજાનંદ સ્વામી અથવા સ્વામિનારાયણ સંપ્રદાય , પ્ર. નવજીવન પ્રકાશન મંદિર - અમદાવાદ)

ભગવાન શ્રી સ્વામિનારાયણના વાત્સલ્યપ્રેમથી છાણીના હરિજનોનો **સર્વાંગી વિકાસ** કેવો થયો હતો ? ઈતિહાસ નોંધે છે કે હરિજનોના **વાણી-વર્તન** સવર્ણોથીય મુઠ્ઠી ઊંચેરા **ચઢિયાતાં** સિદ્ધ થયા હતા. સને ૧૮૩૦ થી ૧૮૫૦ની વચ્ચેની આ વાત છે. છાણીના વણકર તેજાભાઈ વગેરેની વિરુદ્ધ વડોદરાના કેટલાક ભદ્ર લોકોએ સ્થાનિક ન્યાયાલયમાં **ફરિયાદ** નોંધાવી કે આ હરિજનો સ્વચ્છતાનું કામ બરાબર બજાવતા નથી, તેમને રાજ્ય દ્વારા સોંપાયેલું સ્વચ્છતાનું કામ કરવા તેઓ આવતા જ નથી. તેજાભાઈને હાજર થવાનો હુકમ કરવામાં આવ્યો. તેજાભાઈ અને અન્ય હરિજનો હાજર થયા. અમલદાર બ્રાહ્મણ હતા. તેમણે પૂછ્યું : 'તમે કેમ સ્વચ્છતા કરવા જતા નથી ?' તેજાભાઈએ નમ્રતાથી પણ મક્કમતાપૂર્વક જવાબ આપ્યો : 'સાહેબ ! અમે ભગવાન શ્રી સ્વામિનારાયણના સત્સંગી છીએ એટલે જૂઠું કદી નહીં બોલીએ. અમારા ભગવાનનો **આદેશ** છે કે નિત્ય બ્રાહ્મમુહૂર્તે જાગવું, એટલે અમે વહેલી પ્રભાતે જાગીને, નાહી-ધોઈને પવિત્ર થઈને **ધ્યાન-પૂજાપાઠ** કરીએ. અને પૂજાપાઠ કરીને અમે **સૂર્યોદય પહેલા** તો ત્યાં સ્વચ્છતા માટેનું કામ બજાવવા પહોંચી જઈએ છીએ ! એ જાગે એ પહેલા તો અમે અમારું કામ બજાવીને ફરી ઘરે જઈને પવિત્ર થઈને ભગવાનની ભક્તિ કરીએ છીએ. તેઓ મોડા ઊઠે છે પરિણામે અમે એમને ક્યારેય ત્યાં હાજર દેખાયા નથી !'

સાવ ક્ષુદ્ર ગણાતા લોકો, શુદ્ધ બ્રાહ્મણતુલ્ય આટલું પવિત્ર અને આટલું શુદ્ધ, આચારપૂત, ભક્તિપૂત જીવન જીવતા હશે - એ બ્રાહ્મણ અમલદારની **કલ્પના બહારની વાત** હતી. બ્રાહ્મણ અમલદાર હરિજનોની નમ્રતા, પવિત્રતા, કર્તવ્યનિષ્ઠાથી ખૂબ **પ્રભાવિત** થયો.

એવામાં બીજી ઘટના બની. એ સ્થાનિક અમલદારના પરિવારમાં એક **લગ્ન પ્રસંગ** હતો. પણ અચાનક કોઈકના મૃત્યુનો પ્રસંગ બની જતાં **લગ્ન મોકૂફ** રાખવા પડ્યાં. આથી **બનાવેલી રસોઈ** પડી રહી. અમલદારે તેજાભાઈને એ રસોઈ લઈ જવા કહ્યું. પરંતુ ત્યારે તેજાભાઈએ કહ્યું : 'ક્ષમા કરજો,આપની રસોઈ **અમને ન ખપે !'** એ ઉચ્ચકુળના બ્રાહ્મણ અમલદારને વીજળીના શોક જેવો આંચકો લાગ્યો. એક સાવ ઊતરતી જ્ઞાતિનો સાવ સામાન્ય માણસ કઈ હેસિયતથી એક ઉચ્ચ બ્રાહ્મણ કુળના ઉચ્ચ કક્ષાના અમલદારને કહી રહ્યો હતો કે, **'તમારી રસોઈ અમને ન ખપે !'**

'અરે ! તમે તો અમારી એઠું ખાનારા, તમને અમારી રસોઈ **શા માટે** ન ખપે ?'

અમલદારે **સ્પષ્ટતા** માંગી ત્યારે તેજાભાઈએ કહ્યું : 'અમે ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલ શિક્ષાપત્રીના **આદેશ** મુજબ પાણી, દૂધ, લોટ વગેરે ગાળી-ચાળી પછી જ તેમાંથી રસોઈ બનાવીએ અને પછી ભગવાનને ધરીને જમીએ. તમારી બનાવેલી રસોઈમાં બધું **અણગળ** વપરાયું હોય, **લસણ-ડુંગળી** હોય અને તેમાં વળી એ ભગવાનને ધરાવ્યા વિનાનું બધું હોય, તેમાં સ્વચ્છતા-શુચિતા ન હોય, માટે અમારે એ રસોઈ ન ખપે !'

એ બ્રાહ્મણ અમલદાર **નતમસ્તક** બની ગયો.

આવો જ એક બીજો પ્રસંગ **જૂનાગઢ**ના નવાબી રાજ્યનો પણ છે. જૂનાગઢના મહેસૂલ ખાતાના એક ઉચ્ચ નાગર અધિકારીના પત્નીએ વધી પડેલી કઢી **'ગોવા'** નામના એક ભંગીને આપી. ગોવાએ કહ્યું : **'બા ! તમારી કઢી અમને ન ખપે !'** ન ખપે એટલે શું ? તું વળી અમારા કરતાંય ઊંચો થઈ ગયો ? નાગર ગૃહિણી છંછેડાઈ ગઈ.

ત્યારે ગોવાએ કહ્યું : 'ઊંચનીચમાં તો અમે માનતા નથી, કારણ કે અમે રહ્યા સ્વામિનારાયણ, પણ બા, રાજી રહેજો. તમારું અપમાન કરવા નથી કહેતો, પણ તમે રહ્યા નાગર બ્રાહ્મણ. નાગરો સ્વાદિયા બહુ હોય એટલે કઢીની અંદર **લસણવાળી ચટણી** નાંખી હોય અને અમારા માટે એ **અભક્ષ્ય** કહેવાય. અમે લસણ-ડુંગળી ખાતા નથી.' ઘરમાં અંદર બેઠેલા નાગર અધિકારી પોતાની પત્ની અને ગોવાનો આ વાર્તાલાપ સાંભળી રહ્યા હતા. એ બહાર દોડી આવ્યા. ગોવાને મળીને તેની વાતો સાંભળીને અવાક્ બની ગયા. એમણે ગોવાનો **પરિચય** માંગ્યો. ગોવાએ કહ્યું : 'હું ભગવાન શ્રી સ્વામિનારાયણના મંદિરમાં સ્વચ્છતાની સેવા કરવા જાઉં છું, સંતોને સેવામાં મદદ કરું છું, અને એમની વાણી સાંભળું છું - એનો આ **પ્રતાપ** છે !' એ અધિકારીએ કહ્યું : 'ગોવા, આજથી તારે મેલું ઉપાડવાનું બંધ. તું સૌનો મુકાદમ. (મજૂરોનો ઉપરી) રાજના ખર્ચે તને



'ઊંચનીચમાં તો અમે માનતા નથી, કારણ કે અમે રહ્યા સ્વામિનારાયણ, પણ બા, રાજી રહેજો. તમારું અપમાન કરવા નથી કહેતો, પણ તમે રહ્યા નાગર બ્રાહ્મણ. નાગરો સ્વાદિયા બહુ હોય એટલે કઢીની અંદર **લસણવાળી ચટણી** નાંખી હોય અને અમારા માટે એ **અભક્ષ્ય** કહેવાય. અમે લસણ-ડુંગળી ખાતા નથી.' ઘરમાં અંદર બેઠેલા નાગર અધિકારી પોતાની પત્ની અને ગોવાનો આ વાર્તાલાપ સાંભળી રહ્યા હતા. એ બહાર દોડી આવ્યા. ગોવાને મળીને તેની વાતો સાંભળીને અવાક્ બની ગયા. એમણે ગોવાનો **પરિચય** માંગ્યો.



❝...છેવટે ગુજરાત, સહજાનંદજીને યાદ કરશે તે સંત તરીકે નહીં, ધર્માચાર્ય તરીકે નહીં, સાહિત્યપ્રેરક તરીકે નહીં.... પણ એમણે જનતામાંથી માંસ, દારુ, વ્યભિચાર, અસત્ય ને ચોરી – એ પાંચ મુખ્ય બદીઓ દૂર કરી તેને માટે, એમણે ગુજરાતના પશુ જેવા માણસોને માણસો બનાવ્યા તેટલા માટે. સહજાનંદ સ્વામી ન હોત તો આપણે ગુજરાતને 'ગરવી' કહીએ છીએ એવું ન હોત, ગુજરાતમાં જે સદાચાર છે તેને સ્થાને એ જોવું ન ગમે તેવું ગંદું હોત...❞

**શ્રી ચંદ્રવદન મહેતા**
(ગુજરાતના સાહિત્યકાર)

મકાન આપીશ, તારે એમાં રહેવાનું ને ભજન કરવાનું !'

સૌરાષ્ટ્રના ઝાલાવાડમાં આવેલા **લીમલી** ગામના **સગરામ વાઘરી**ને સ્વામિનારાયણનો સત્સંગ થયો અને એનું સમગ્ર જીવન સહુ કોઈને આશ્ચર્ય ઉપજાવતું રહ્યું. એક વખત સગરામ મુસાફરીએ જઈ રહ્યો હતો. તેને તરસ લાગી. રસ્તામાં નદીએ પાણી પીવા ગયો. એ જ વખતે શિયાણી ગામના **શિવરામ વિપ્ર** પણ પાણી પીવા માટે નદીએ આવ્યા હતા. શિવરામ વિપ્રે સીધું જ ખોબે ખોબે પાણી પી લીધું. અને સગરામે પોતાનો લોટો કાઢ્યો. લોટાને રેતીથી અજવાળ્યો. એના ઉપર ગરણું મૂકી થોડું પાણી ગાળેલું ભર્યું. એનાથી વળી લોટો વીંછળ્યો. પછી ફરીથી ગરણું મૂકી એમાં પાણી ગાળ્યું. અને ત્યારબાદ ભગવાનનું સ્મરણ કરી પાણી પીધું. શિવરામ ભટ્ટ એક વાઘરીની આટલી **શુચિતા** જોઈને **આશ્ચર્યચકિત** થઈ ગયા. પોતે બ્રાહ્મણ હોવા છતાં જે શુચિતાનું પાલન કરી શકતા નહોતા, તે એક વાઘરી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સંસ્કારથી **ઉચ્ચ વર્ણ**નો બનીને પાળી રહ્યો હતો.

'સ.ગુ. શ્રી કૃષ્ણચરણદાસજી સ્વામીનું જીવનચરિત્ર અને ઉપદેશ' નામના પુસ્તકમાં સૌરાષ્ટ્રમાં આવેલા **તડ** ગામના **જેઠા કોળી**ની વાત પણ સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. જેઠો કોળી બ્રાહ્મણ જેવા આચાર રાખે. એક અમલદાર સીમ જોવા નીકળ્યા. છેટેથી પૂછ્યું : 'અલ્યા કોનું સાંતી છે ?' ત્યારે એક પટેલે કહ્યું : 'કોળીનું છે.' એ સમયે સુખી ખેડૂતોને ત્યાં બળદો હોય, પણ નિમ્ન વર્ણના એ ગરીબ લોકોને ત્યાં તો ક્યાંથી હોય ? આથી અમલદારે આશ્ચર્ય પામતા પૂછ્યું : 'એ કોળી બળદ રાખે છે ?' પટેલે કહ્યું : 'એના જેવા બળદ આખા ગામમાં કોઈની પાસે નથી !'

અમલદારે જેઠા કોળી પાસે જઈને બધું પૂછ્યું. તેની નજર દૂર પડી : 'ઓલ્યા બોરડીના ગળાયા નીચે શું છે ?'

જેઠો કહે : 'પાણીની **ભંભલી** છે, તે ઉપર કાગડો બેસી ન જાય એટલા માટે **પાલેરું** માથે રાખ્યું છે.'

'લોટો કેમ છેટે રાખ્યો છે ?'

જેઠો કહે : 'દિશાએ જવું હોય તો પાણી લેવું જોઈએ ને ! ને પાણી પીવાનો લોટો જુદો છે !'

જેઠા કોળીની સ્વચ્છતા-શુચિતાની વાત સાંભળી અમલદાર **દંગ** થઈ ગયો.

પટેલે જેઠાની **તારીફ** કરતા કહ્યું : 'સાહેબ ! આ ગામમાં આ એકલો જેઠો જ એવો છે કે જે એકાદશી પાળે છે ને અન્નવસ્ત્ર ને આબરુ એના જેવા કોઈને નથી. તે દર દશમીને દિવસે ઊના મંદિરે જાય, ત્યાં એકાદશીનો ઉપવાસ કરે ને ભજન કરે, બારસે પારણાં કરી ઘરે આવે એવો એને નિયમ છે. સવારે નિત્ય ઊઠીને નાહીને પૂજાપાઠ કરે અને તિલક-ચાંદલો કરે ને ઊજળાં લૂગડાં પહેરે.'

સમાજની દૃષ્ટિએ **નિમ્નકોટિ**ના લીમલી ગામના સગરામ વાઘરી, જૂનાગઢના ગોવા ભંગી, છાણીના તેજા ભગત, નારણદાસ વગેરે જેવા અનેક હરિભક્તોમાં **બ્રાહ્મણને પણ શરમાવે એવી** નૈતિકતા, નિત્યધર્મ અને જ્ઞાનની **સરવાણીઓ** ભગવાન શ્રી સ્વામિનારાયણે વહેતી કરી હતી.

ગુજરાતના સાહિત્યકાર **શ્રી ચંદ્રવદન મહેતા** ભગવાન શ્રીહરિના કાર્યને

બિરદાવતા કહે છે :- 'છેવટે ગુજરાત, સહજાનંદજીને યાદ કરશે તે સંત તરીકે નહીં, ધર્માચાર્ય તરીકે નહીં, સાહિત્યપ્રેરક તરીકે નહીં.... પણ એમણે જનતામાંથી **માંસ, દારુ, વ્યભિચાર, અસત્ય ને ચોરી - એ પાંચ મુખ્ય બદીઓ** દૂર કરી તેને માટે, એમણે ગુજરાતના પશુ જેવા માણસોને **માણસો** બનાવ્યા તેટલા માટે. સહજાનંદ સ્વામી ન હોત તો આપણે **ગુજરાત**ને **'ગરવી'** કહીએ છીએ એવું ન હોત, ગુજરાતમાં જે સદાચાર છે તેને સ્થાને એ જોવું ન ગમે તેવું **ગંદું** હોત.'



'નિમ્ન જાતિઓમાં સંસ્કાર મૂલ્યો સિંચવાનું **શ્રી સ્વામિનારાયણ**નું કાર્ય **અદ્વિતીય** હતું. નિમ્ન જાતિઓમાં ઉચ્ચ **સાંસ્કૃતિક મૂલ્યો** સિંચીને તેમને ઉપર ચઢાવવાનું કાર્ય, સહજાનંદ સ્વામીના સુધારાઓમાં **કેન્દ્રસ્થાન** હતું. દારુ, માંસ, નશીલા વ્યસનો, નિત્યસ્નાન અને પૂજા કર્યા સિવાય કાંઈ ખાવું-પીવું નહિ, ગાળ્યાં વિનાના દૂધ ને પાણી ન લેવા વગેરે **સ્વામિનારાયણીય** આદર્શોનું તેમાં **સિંચન** થયું હતું.'

**ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ**

**'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ'** ભગવાન શ્રી સ્વામિનારાયણે સંસ્કાર દ્વારા નિમ્ન જાતિઓની કરેલી ઉન્નતિની પ્રક્રિયાને નોંધતા લખે છે કે : 'નિમ્ન જાતિઓમાં સંસ્કાર મૂલ્યો સિંચવાનું **શ્રી સ્વામિનારાયણ**નું કાર્ય **અદ્વિતીય** હતું. નિમ્ન જાતિઓમાં ઉચ્ચ **સાંસ્કૃતિક મૂલ્યો** સિંચીને તેમને ઉપર ચઢાવવાનું કાર્ય, સહજાનંદ સ્વામીના સુધારાઓમાં **કેન્દ્રસ્થાન** હતું. દારુ, માંસ, નશીલા વ્યસનો, નિત્યસ્નાન અને પૂજા કર્યા સિવાય કાંઈ ખાવું-પીવું નહિ, ગાળ્યાં વિનાના દૂધ ને પાણી ન લેવા વગેરે **સ્વામિનારાયણીય** આદર્શોનું તેમાં **સિંચન** થયું હતું.'

'વૈષ્ણવ ધર્મનો સંક્ષિપ્ત ઈતિહાસ'માં **શ્રી દુર્ગાશંકર કે. શાસ્ત્રી** નોંધે છે કે, 'તેઓએ ગુજરાત-કાઠિયાવાડની હલકી જાતિઓ પાસે મદ્યમાંસનો ત્યાગ કરાવી, હિંસાનો પણ ત્યાગ કરાવી, નાહવા ધોવાનો આચાર શીખવી તેમનો **ઉદ્ધાર** કર્યો એ **મોટું કામ** કર્યું છે. એમના સમયમાં જ અંગ્રેજોએ સ્વામિનારાયણને આ કારણથી જ **મોટા** કહ્યા છે.'

ગુજરાતના **મહાકવિવર શ્રી ન્હાનાલાલ દલપતરામ** લખે છે :- 'શ્રીજીએ પ્રર્વતાવેલા **ધર્મમાર્ગ**ની **લાક્ષણિકતા** શી લેખાય ? એ ધર્મમાર્ગ છે આચાર સ્વચ્છતાનો, વિચાર સ્વચ્છતાનો, વિધિ સ્વચ્છતાનો, પૂજન સ્વચ્છતાનો, વ્યવહાર સ્વચ્છતાનો, અંતર સ્વચ્છતાનો, સર્વદેશીય અન્તર્બહિર સ્વચ્છતાનો એ ધર્મમાર્ગ અને એથી જસ્ટિસ રાનડે (ન્યામૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડે) શ્રીજીમહારાજને 'Last of the old Hindu reformers' (અર્થાત્ **સ્વામી શ્રી સહજાનંદ** મધ્યયુગીન હિંદુ ધર્મના **છેલ્લા સુધારક** હતા એમ) કહેતા. ભાંગ, ગાંજો, તમાકુ તજાવી શ્રીજીએ ગૃહસ્થીના જીવન નિર્માદક કીધા. રંગેલા તુંબડા ફોડાવી શ્રીજીએ નિર્મોહી કીધા, બાઈ ભાઈનાં દર્શનદ્વાર નિરનિરાળાં સ્થપાવી શ્રીજીએ દેવમંદિરોને પવિત્ર કીધાં, પંચવર્તમાન ધરાવીને સાંપ્રદાયિકોને આચારશુદ્ધ કીધા, શિક્ષાપત્રી આપી વ્યવહારશુદ્ધ કીધા, વચનામૃત સંભળાવી જ્ઞાનશુદ્ધ કીધા, પ્રેમભક્તિ વર્ષાવી અંતરશુદ્ધ કીધા.'

સુપ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકાર તથા શિક્ષણશાસ્ત્રી **શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક'** કહે છે :- 'દારુ-અફીણ, દીકરીઓને દૂધપીતી કરવાનો રિવાજ, માંસાહાર આ બધાંને ગમે તે પરંપરાનું, ધર્મકથાનું **સમર્થન** હોય તો પણ **નિષેધ** પ્રબોધ્યો છે. તે તેમના (ભગવાન શ્રી સ્વામિનારાયણના) અસાધારણ બુદ્ધિસ્વાતંત્ર્ય અને મનોબળનું સાક્ષી છે. તેમણે જે કંઈ કહ્યું તે **સ્વાનુભાવના જોર પર** કહ્યું છે.'

ભગવાન શ્રી સ્વામિનારાયણે **૧. દારુ ન પીવો ૨. માંસ ન ખાવું (માટી) ૩. વ્યભિચાર ન કરવો (અવેરી) ૪. ચોરી ન કરવી ૫. વટલવું નહિ - વટલાવવું નહિ** - આ **પાંચ વર્તમાન** બાંધીને મનુષ્યમાં **'મનુષ્યત્વ'** ઉમેરીને તેને સાચા અર્થમાં **માણસ** બનાવેલ છે.

સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી પોતાની વાતોમાં ભગવાન શ્રીહરિ સ્થાપિત **'પંચવર્તમાન'**ની મહત્તા કહે છે :-

'જે સ્વામિનારાયણે આ પૃથ્વીને વિષે આવીને પાંચ પગ રોપ્યા છે; તેને ખોટા કરીને જીવનું રૂડું થાય એમ હોય તો કહી દેખાડો ?.. ...એ જે પાંચ પગ રોપ્યા છે તેને ફેરવવાને કોઈ સમર્થ નથી. જેમ રાવણની સભામાં અંગદે પગ રોપ્યો હતો, તે કોઈથી ઉપડ્યો નહિ, તેમ અમે પણ પગ રોપ્યા છે; તે કોઈથી ખોટા નહિ થાય.' (સ્વામીની વાતો, પ્રકરણ : ૨, વાત : ૧૬)

જેમ પચાસેક પગથિયાંને વટાવી જેના પગના નીચે ગ્રહને ચગદાવી બેસનાર લંકેશ્વરી રાવણ પણ અંગદના પગને હલાવી ન શક્યો એમ આપણે માયાના મોહજાળમાંથી બચી શકીએ તે માટે સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે પંચ વર્તમાનરૂપી **'લાલબત્તી'** (Redlite) બતાવી છે તે આ 'ચિંતન' અંકના માધ્યમથી **વિગતવાર** જોઈએ.

# લાલબત્તી - ૧

# દારુ ન પીવો...



> ...અને
> દારુના શીશા લઈને
> પરસ્પર પાતા હોય અને
> કેટલાક દારુના શીશા ભરેલા
> પડ્યા હોય અને વેશ્યાઓ થેઈ થેઈકાર
> કરી રહી હોય અને નાના પ્રકારના
> વાજિંત્ર વાજતાં હોય, તે સભામાં જઈને
> જે જન બેસે તે સમે તેનું અંતઃકરણ
> બીજી જાતનું થઈ જાય છે...
>
> સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ
>
> (વચ. પ્ર. પ્ર. ૧૮)

દારુ એ સમગ્ર વિશ્વનું **કલંક** છે. '**દારુડિયો દારુને નથી પીતો, પરંતુ દારુ જ તેને પીએ છે.**' આવા અનેક **જાહેરાતના સૂત્રો**ને વિશ્વનો દારુડિયો સમાજ દારુની બોટલમાં ઘોળીને પી જાય છે. પરિણામ ? અનેક રોગો અને અનેક સમસ્યાઓ. યકૃતની અસાધ્ય બીમારીઓ, મગજ અને ચેતાતંત્રના રોગો, ક્ષય, હૃદયરોગ, પેટના સોજા, પિત્તાશયનો રોગ, ન્યૂમોનિયા વગેરે... શરાબ સાથે સંકળાયેલી આ બધી જ પ્રતિકારમાં મોંઘી અને જીવલેણ બીમારીઓનું લિસ્ટ હજુ ઘણું લાંબું બની શકે. **વિજ્ઞાનીઓ કહે છે કે**, 'શરીરમાં એક પણ એવો ભાગ નથી કે જેને દારુના સેવનથી **નુકસાન** ન થતું હોય.' અને આ ઉપરાંત આર્થિક અને સામાજિક સમસ્યાઓ લટકામાં મળે છે. દારુ કુટુંબને **છિન્નભિન્ન** કરી નાખે છે. દારુ કરોડો પરિવારમાં દારુણ ગરીબીનું **મુખ્ય કારણ** બન્યો છે. દારુને કારણે એવા પરિવારમાં બાળકો સારા શિક્ષણ અને પોષણથી વંચિત રહે છે. તો સ્ત્રીઓને મારપીટ ને મુશ્કેલી સહન કરવી પડે છે. પરિવાર ગરીબ હોય કે ધનિક, પણ પરિણામ **સમાન** છે. કલહ, કંકાસ, અશાંતિ અને અંતે કુટુંબ તૂટે છે.

એક **સર્વેક્ષણ** મુજબ કેવળ અમેરિકામાં જ મારામારીના ગુનાના ૬૩% , મિલકતના ગુનાના ૬૯% અને જાતીય ગુનાના ૭૦% ગુનાનું કારણ **દારુ** છે.

આ કારણોથી **ભગવાન શ્રી સ્વામિનારાયણ** શિક્ષાપત્રીમાં શ્લોક ૧૫માં **આદેશ** આપે છે કે, 'न पेयं च सुरामद्यमपि देवनिवेदितम् ॥' - 'ત્રણ પ્રકારની સુરા અને અગિયાર પ્રકારનું મદ્ય તે દેવતાનું નૈવેદ્ય હોય તો પણ ન પીવું.'

(મનુસ્મૃતિમાં ત્રણ પ્રકારની સુરાનું વર્ણન કર્યું છે :- 'गौडी माध्वी तथा पैष्टी विज्ञेया त्रिविधा सुरा ।' - ગોળની, લોટની અને મહુડાની. અને અગિયાર પ્રકારનું મદ્ય પણ શાસ્ત્રમાં વર્ણવેલું છે :- 'पानसं द्राक्षमाधूकं खार्जूरं तालमैक्षवम् । माधूत्थं सैरमारिष्टं मैरेयं नालिकेरजम् ।।' - ફણસ, દ્રાક્ષ, મહુડા, ખજૂર, તાડી, શેરડી, મધ, સીરવૃક્ષ, અરિઠા, મૈરેય (ધાત્રી-ધાવડી અને ગોળના મિશ્રણથી બનેલું) અને નાળિયેર વગેરે અગિયાર પ્રકારના મદ્ય બને છે.)

શિક્ષાપત્રીની આ આજ્ઞાનું પાલન કરનાર દારુને કારણે થતી સ્વાસ્થ્યની **અસંખ્ય તકલીફો** અને તેના પરિણામે ઊભી થતી કૌટુંબિક-સામાજિક **સમસ્યાઓ**થી સહજતાથી **મુક્ત** થઈ જાય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે કોઈપણ સમયના સમાજને ઉન્નતિના માર્ગે લઈ જવા આ આદેશ આપ્યો છે, તે આજના વિશ્વને પણ એટલો જ **ઉપયુક્ત** છે. તેઓએ સૌના સ્વાસ્થ્ય અને સાર્વત્રિક હિતને ધ્યાનમાં લઈ શિક્ષાપત્રીના પ્રારંભે જ પાયાના **પંચવર્તમાન**માં આ **આજ્ઞા** આપી દીધી.

આશરે બસ્સો વર્ષ પૂર્વે ગામડે-ગામડે તામસ દેવ-દેવીઓની આગળ માંસ અને મંદિરાનો ભોગ ધરાવવામાં આવતો અને તેને પ્રસાદ માની લોકો ગ્રહણ કરતા. તેથી બુદ્ધિ ભ્રષ્ટ થઈ અને શું કરવું ને શું ન કરવું એની જાણ ખુદને ન રહેતી. તે માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે **પહેલી જ લાલબત્તી** બતાવી કે **'મારા આશ્રિતે દારુ ન પીવો.'**

ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા પ્રથમ પ્રકરણના ૧૮મા વચનામૃતમાં

દારુથી થતું **નુકસાન** બતાવતાં કહે છે :- '...અને દારુના શીશા લઈને પરસ્પર પાતા હોય અને કેટલાક દારુના શીશા ભરેલા પડ્યા હોય અને વેશ્યાઓ થેઈ થેઈકાર કરી રહી હોય અને નાના પ્રકારના વાજિંત્ર વાજતાં હોય, તે સભામાં જઈને જે જન બેસે તે સમે તેનું અંતઃકરણ બીજી જાતનું થઈ જાય છે.'

કુરાનની **૯૦મી આયાત**માં લખ્યું છે કે, ''હે ઈમામવાલો ! તમે શરાબ ન પીશો, કારણ કે તે **શેતાનનું પીણું** છે. તે દારુએ કરીને શેતાન તમારી અંદર દ્વેષ અને દુઃશ્મનાવટ કરાવશે, માટે દારુ-જુગાર **નાપાક** ચીજ છે. જો તું દારુ પીશ તો તને શેતાન ખુદાની બંદગી થકી દૂર કરી દેશે.''

ઈસુ ખ્રિસ્ત પોતાના બાઈબલ ગ્રંથમાં કહે છે કે, ''જે લોકો દારુ પીવે છે તે મારું લોહી પીવે છે. જો તમો દારુ નહિ પીવો તો તમારામાં હું **ઈશ્વરના ગુણો** ઉતારી શકીશ.'' ગુરુ નાનકજી કહે છે કે, ''**મદ્ય તજી દીયે એહિ સદ્‌ગુરુ આન હૈ** - દારુ પીવાનો છોડી દ્યો. કારણ કે સદ્‌ગુરુએ તે માટેના **સોગંદ** દીધા છે.''

ભગવાન બુદ્ધ પણ કહેતા હતા કે, ''તમારી સામે સિંહ આવતો હોય તો બીશો નહિ, કારણ કે સિંહ તમોને મારી નાંખશે તો તમારી બહાદુરી ગણાશે. અગ્નિમાં કોઈ બળતું હોય તો કુદકો મારી બચાવી લેજો તેમાં તમારી પરમાર્થની ભાવના સાબિત થશે, પરંતુ એક વસ્તુથી કાયમ ડરતા રહેજો, અને તે છે **દારુ.** કારણ કે તેનાથી તમારું મૃત્યુ થશે ત્યારે તમારી ગણના બહાદુરીમાં કે પછી પરમાર્થમાં નહિ થાય. પરંતુ 'દારુડીયા' તરીકે થશે.'' મહાત્મા ગાંધીજીએ **'આત્મકથા'** માં લખ્યું છે કે - ''હું બેભાન થઈ જાઉં તો પણ મારી છાતીએ દારુ ચોળશો નહિ.''

મહાત્મા ગાંધીજીએ ખૂબજ સુંદર કહ્યું છે : 'મને કોઈ એક કલાક માટે હિંદનો સરમુખત્યાર બનાવી દે, તો સૌથી પહેલું કામ હું શું કરું ? એકે એકે દારુના પીઠાને કંઈપણ વળતર આપ્યા વિના તોડી નાખું..!!'

વિશ્વવિખ્યાત ઈતિહાસકાર **પ્રો. આનોલ્ડ ટોયન્બી** કહે છે કે, ''વિશ્વની અતિ પ્રાચીન ૨૧ સંસ્કૃતિઓમાંથી ૧૯ સંસ્કૃતિઓના વિનાશનું કારણ છે - **મદ્યપાન.** વિશ્વના વિનાશ માટે એકલો શરાબ જ પૂરતો છે !!!''

'ધ પ્રેક્ટિસ ઓફ મેડીસીન' નામના પુસ્તકમાં **ડો. લેવીશ** લખે છે : ''દારુ એ એવું ઝેર છે કે લોકો જેને સરળતાથી સમજી શકતા નથી અને જ્યારે સમજે છે ત્યારે પોતા પાસે બચાવા જેવું કાંઈ હોતું નથી.''

વૈજ્ઞાનિક ડો. ઓલ્સરે કહ્યું છે કે, ''દારુ પીવાથી નુકશાન થાય છે તે તમારી નજર સામે જોઈ શકો છો.''

આમ, **સદ્‌ગ્રંથો** અને **મહાપુરુષો-નિષ્ણાંતો** દારુ પીવાની ના પાડે છે તોપણ માનવી દારુ પીવે છે એનું **કારણ** શું છે ? તેનો તપાસ કરીએ તો -



**૧. માનસિક તાણમાંથી મુક્ત થવા :** લોકો પોતાના રોજિંદા જીવનમાં એકલતા, કંટાળો, માંદગી, વૃદ્ધાવસ્થા, દાંપત્યજીવનના પ્રશ્નો, વ્યક્તિગત નિષ્ફળતાઓ, રોજિંદા પ્રશ્નો, નોકરીના પ્રશ્ન અથવા તો આર્થિક સમસ્યાને કારણે નાના-મોટા પ્રશ્નોમાં માનસિક તાણથી મુક્ત થવા માટે દારુને ઉપાય તરીકે અજમાવે છે.

**૨. બેકારીથી :** ઝુંપડપટ્ટીમાં કે કુબાઓમાં રહેતા હલકી જ્ઞાતિના લોકો ગરીબાઈને કારણે કંટાળી ગયા હોય ત્યારે તેઓ એમ વિચાર કરે કે - ધનવાન લોકો બહુ દારુ પીવે છે એટલે દારુમાં સુખ હશે. એમ માનીને પીવાનું શરૂ કરે પછી વ્યસની બની જાય છે. બીજું કારણ એ છે કે રૂપિયા કમાવા અનેક ધંધાઓ કરે પરંતુ સર્વે ધંધામાં ખોટ જાય તેના કારણે નિરાશ થઈ જાય, પછી તે નિરાશા દૂર કરવા દારુ પીવે તેથી નશો ચઢે એટલે મગજ શક્તિ ગુમાવે તેના કારણે ગરીબીનું દુઃખ ભૂલી જાય છે. સરદાર વલ્લભભાઈ પટેલે બહુ બુદ્ધિપૂર્વકનું વિધાન કર્યું છે. જે સૌ કોઈએ ધ્યાનમાં રાખવા જેવું છે : ''દારુ એ ધનિકોનું **પાખંડ** છે અને ગરીબોની **મજબૂરી** છે.''

**૩. દવા તરીકે :** ઘણા લોકોને દારુનું વ્યસન ન હોય પરંતુ તેવા લોકો બીમાર પડે એટલે ડોક્ટરો દારુ મિશ્રિત દવા આપે તેથી તેઓ સારુ ન થાય ત્યાં સુધી પીવે પછી બંધ કરી દે. અથવા તો ખૂબ શરદી થઈ ગઈ હોય ત્યારે પણ ઘણા લોકો પીતા હોય છે પછી બંધ કરી દે છે.

**૪. સંગને લીધે :** ઘણા લોકો ખરાબ મિત્રો મળી જાય તેના કારણે દારુ પીતા થઈ જાય છે, પરંતુ તેઓને સારી વ્યક્તિઓનો સંગ મળે એટલે દારુ છોડી દે છે.

**૫. મનોરંજન માટે :** ઘણા લોકો દરરોજ દારુ ન પીતા હોય પરંતુ કોઈને ઘેર પાર્ટી રાખી હોય ત્યારે અથવા

કલબમાં જાય ત્યારે દારુ પીતા હોય છે.

પરંતુ એ બાપડો નથી જાણતો કે એ દારુને નથી પીતો પણ દારુ જ ખુદને પી જાય છે. આમ, અનેક કારણોની **બનાવટ** હેઠળ માણસે **દારુની તરફેણ** માંડી છે !! ત્યારે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના **ઉજ્જવળ ઈતિહાસ** સામે આપણે જરા નજર નાંખીએ...

સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ અભેસિંહજી દરબારને **દારુ ન પીવાનું વર્તમાન** આપ્યું અને જામનગરના દરબારમાં વિભા જામ સાહેબ દ્વારા તેમને દારુ પીવા માટે આગ્રહ થયો ત્યારે તેમણે જામ સાહેબને કહ્યું : 'બાપુ ! લ્યો આ કટાર, મારું માથું ઉતારી લો ! મને ગુરુ ગોપાળાનંદ સ્વામીના **વર્તમાન** છે. તેથી **આ મુખથી તો દારુ ગળે નહિ જ ઉતરે.** છતાં મારા ગળામાં અહીં **કટારથી કાણું** પાડી અને કાણામાં દારુ રેડો. તો મેં તમારો હાથ પાછો ઠેલ્યો ન કહેવાય. **પરંતુ** મારાથી દારુ નહિ પીવાય.'

**'માણસ દારુને નથી પીતો પણ દારુ જ માણસને પી જાય છે.'** આ સત્યને **વાસ્તવિક** બતાવતા અનેક **પ્રસંગો** છે, જેના થોડાં પ્રસંગો આપણે અહિં જોઈશું :

ગુજરાતના જાણીતા ગાયકકલાકાર **'હેમુદાન ગઢવી'**ને દારુનું અતિ બંધાણ હતું. તેના કારણે તેને બ્લડપ્રેશરનું દર્દ થયું હતું. એક સમયે તેઓ સ્ટેજ ઉપર બેસીને કાર્યક્રમ આપતા હતા. તે જ સમયે અતિ દારું પીવાને કારણે તેમને **'બ્રેઈન હેમરેજ'** (brain hemorrhage) થઈ ગયું. બ્લડપ્રેશર વધી જવાને કારણે મગજની નસો ફાટી ગઈ અને ત્યાં જ તેનું **મૃત્યુ** થયું.

✤ ✤ ✤ ✤ ✤

ગ્રીસ દેશના મહાન ફીલોસોફર **'સોક્રેટીસ'** એકવાર ઘેર બેઠા હતા ત્યારે તેમની પાસે એક વ્યક્તિ આવ્યો. તેમણે સ્વાગત માટે એક દારુની બોટલ સોક્રેટીસને ભેટ આપી. તુરંત સોક્રેટીસે જમીન પર ઢોળી નાખી. ત્યારે પેલો વ્યક્તિ કહેવા લાગ્યો : 'અરે સાહેબ ! આ વાઈન (દારુ) સો વર્ષ પહેલાનો છે. અને તેની કિંમત **ઘણા પાઉન્ડ** છે. તેને તમોએ ધૂળમાં કેમ મેળવી દીધો ?' તે વખતે સોક્રેટીસ કહે : 'મિસ્ટર ! આ વાઈન પીધા પછી **મારા જીવનને તે ધૂળમાં મેળવી દે,** તે પહેલાં જ તેને મેં ધૂળમાં મેળવી દીધો.'

**દારુ પીવાથી શરીરને થતું નુક્શાન**

દારુ પીવાથી બહુ **પાપ** લાગે છે એવું શાસ્ત્રો કહે છે તેથી તેનું **ફળ** અવશ્ય ભોગવવું પડે છે.પરંતુ તે વાત તો આસ્તિકો માને છે બીજા નહિ ; પરંતુ દારુ પીવાથી **શરીરમાં રોગો** થાય છે તે વાતો તો તેને માનવી જ પડશે. કારણ કે- વૈજ્ઞાનિકોએ તેનું **સંશોધન** કર્યું છે તે ટૂંકમાં જોઈએ.



'દારુ વેચવા ફરતા હોય, હપ્તા એના ભરતા હોય;
કાયદાની બંધી હોય, ત્યાં સત્તાવાળા સંબંધી હોય;
પકડવામાં શરમાતા હોય,
એવા એના નાતા હોય;
નક્કી સંસ્કૃતિ ખૂટતી હોય,
તો જ દારુની છૂટી હોય.'

દારુ ખૂબ **ગરમ પીણું** છે તેના કારણે પીનારી વ્યક્તિઓને જલ્દી એ.સી.ડી.ટી. અને અલ્સર થાય છે. તથા દારુ પીનારને 'હાઈ બી.પી.' થાય છે, તેને કારણે રક્તવાહિનીમાં **તનાવ** થાય છે. તેથી હૃદયને વધારે **પરિશ્રમ** કરવો પડે છે

આજે માનવ એ **વિનાશ**ની સાથે હાથ મિલાવવા તૈયાર બન્યો છે ત્યારે નથી ખબર કે 'હું મારો જ નહિ, પણ પુરા વિશ્વનો વિનાશ કરવા બેઠો છું.' જેણે પોતાના દુશ્મનને મિત્ર બનાવ્યો, પોતાના ઘરમાં સ્થાન આપ્યું, એને પવિત્ર ગણ્યો. (?) ધિક્કાર છે એ માનવને જેણે ભારતીયના ગૌરવ પર પગ મૂક્યો... પોતાના હાથે પોતાના પગ પર કુહાડી મારી... જામનગરના કવિ **રસિક માસ્ટર** કહે છે :-

**'દારુ વેચવા ફરતા હોય, હપ્તા એના ભરતા હોય;**
**કાયદાની બંધી હોય, ત્યાં સત્તાવાળા સંબંધી હોય;**
**પકડવામાં શરમાતા હોય, એવા એના નાતા હોય;**
**નક્કી સંસ્કૃતિ ખૂટતી હોય, તો જ દારુની છૂટી હોય.'**

આજનો ભયંકર **વિનાશક** (?) કહે છે : ''તમારે વિશ્વનો વિનાશ કરવો છે ને ? તો હું એક તો પૂરતો છું - **શરાબ.''**

ડ્રગ્સ, શરાબ, દારુ શબ્દ કાને પડતાની સાથે રૂવાડાં ઊભા થઈ જતા હોય છે. આપણે વ્યવહારમાં એનો સીમિત અર્થ સ્વીકારી લીધો છે. શબ્દને પણ એનું ભાવિ હોય છે. ડ્રગ્સની કુંડળીમાં અપયશનો યોગ લખાયો હોવો જોઈએ. એટલે જ એ આવા બદનામ અર્થમાં પ્રચલિત થયો.

**'ડ્રગ્સનો ડ્રેગન'** (દારુનું તાંડવ) દુનિયા આખીને દાઢમાં ઘાલી વરવું **અટ્ટહાસ્ય** કરી રહ્યો છે. છેલ્લા ત્રીસેક વરસથી એણે માઝા મૂકી છે. અમેરીકા અને યુરોપના દેશોમાં એનું સામ્રાજ્ય વધારે જોશથી આગળ વધી રહ્યું છે. વિકસતા રાષ્ટ્રોમાં અને કંગાળ રાષ્ટ્રોમાં પણ એણે યુવાપેઢીનો બરાબર **ભરડો** લીધો છે.

આ રીતે દારુના દોષ-અવગુણ અને ખોટ-નુકશાન જાણ્યા પછી તેનો ત્યાગ કરવાથી દારુના ત્યાગરૂપ **પ્રથમ વર્તમાન**નું **પાલન** થયું ગણાય.

# લાલબત્તી - ૨

## માંસ ન ખાવું...



'ન ભક્ષ્યં
સર્વથા માંસં
યજ્ઞશિષ્ટમપિ ક્વ ચિત્ ।'
'...અને જે માંસ છે તે તો યજ્ઞનું શેષ હોય તો પણ આપત્કાળમાં પણ ક્યારેય ન ખાવું...'
સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ
(શિક્ષાપત્રી : શ્લોક - ૧૫)

ધરતી મબલખ પ્રમાણમાં **પૌષ્ટિક ધાન્યો** આપે છે. છતાં માણસ આજે નિર્દોષ પશુઓની **હિંસા** કરીને તેનું **માંસ** ખાય છે. આ જંગલી સંસ્કૃતિનો આજે આધુનિક યુગમાં ઘણો વિસ્તાર છે. આખી દુનિયામાં એક મિનિટમાં ત્રણ હજાર ટન માંસનું ઉત્પાદન થાય છે. આશ્ચર્ય તો એ છે કે કેટલાક (ખ્રીસ્તી જેવા) જગત્પ્રસિદ્ધ ધર્મો પણ માંસાહાર અને દારુની છૂટ મૂકે છે ! ત્યારે...

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં માણસની જેમ જીવજંતુ અને પ્રાણીઓ-પંખીઓની પણ ચિંતા કરી છે. પ્રાણીઓની હિંસા કરીને તેનું માંસ ખાતા લોકોને તેમણે **લાલબત્તી** ધરી છે. શિક્ષાપત્રીમાં તેઓએ સૌને **આજ્ઞા** કરી છે કે :-

'ન ભક્ષ્યં સર્વથા માંસં યજ્ઞશિષ્ટમપિ ક્વ ચિત્ ।' - 'અને જે માંસ છે તે તો યજ્ઞનું શેષ હોય તો પણ આપત્કાળમાં પણ ક્યારેય ન ખાવું.'

(શિક્ષાપત્રી : શ્લોક - ૧૫)

ભગવાનને રીઝવવા થતા **યજ્ઞોની પરંપરા** વૈદિક યુગથી ભારતમાં ચાલી આવી છે. પરંતુ તેમાં પણ એક ભક્તિના ભાગરૂપે ભળી ગયેલો પશુ-બલિ ચઢાવવાનો ક્રૂર રિવાજ, લાખો અબોલ પશુઓને ભરખી ગયો હતો. યજ્ઞના નામે ચાલતી **માંસાહાર**ની એ **વિકૃત** પ્રથાને **સૌપ્રથમ** ભગવાન શ્રી સ્વામિનારાયણે પડકારી. આ એ યુગ હતો, જ્યારે રાજા-મહારાજાઓથી માંડીને બ્રાહ્મણો અને ધર્મગુરુ સુધ્ધાં હિંસામય યજ્ઞના ઈશ્કી હતા. પરંતુ તે સમયે પણ તમામ પ્રાણીઓની રક્ષા કરનારા ભગવાન શ્રીહરિએ સૌપ્રથમ પહેલ કરી, અહિંસામય યજ્ઞની ને માંસાહાર વિરુદ્ધ શાકાહારની ! ભુજના દીવાન જગજીવન સેંકડો પશુઓનો બલિ ચઢાવતો યજ્ઞ માંડીને બેઠા હતા, ત્યાં રૂબરૂ જઈને જાતનું જોખમ વહોરી લઈને પણ શ્રીજીમહારાજે એ ક્રૂરતાને રોકવાની અનન્ય હિંમત દાખવી. અમદાવાદના મરાઠા સૂબા વિઠ્ઠલરાવ બાલાજીએ તો ભગવાન શ્રીહરિને મારી નાંખવાના કાવતરાં રચ્યાં, તોપણ એમણે અહિંસામય યજ્ઞનો જોરશોરથી પ્રચાર કર્યો. પોતે મહાન અહિંસામય યજ્ઞોનું આયોજન કર્યું. ભગવાન શ્રી સ્વામિનારાયણે સામાન્ય પ્રજાથી લઈને બ્રાહ્મણો સુધી સૌને **શિક્ષિત** અને **દીક્ષિત** કર્યા, વેદમંત્રોના સાચા **રહસ્યો** સમજાવ્યાં.

અધર્મની વિકૃતિઓથી પીડાતા તત્કાલીન સમાજનો આંખે દેખ્યો **અહેવાલ** આપતા સ.ગુ. શ્રી **નિષ્કુળાનંદ સ્વામી** લખે છે :-

**'કહે દેવ પિતૃના શ્રાદ્ધમાં, મદ્ય માંસ જેવું કાંઈ નથી;**
**જો ઈચ્છો અચિરફળ પામવા, તો પૂજજ્યો સહુ એહથી.**
**ધર્મની ઓટ્ય લઈ અધર્મી, ધિરવી ધન નારી હરે;**
**શાસ્ત્રના અર્થ ફેરવી, પ્રેરે જેમ પોતે કરે.**
**દ્વિજકુળે જેણે તન ધર્યાં, તે મકાર માહાત્મ્ય કહે કથી;**
**મદ્ય માંસ મૈથુન જેવું, કલ્યાણ અર્થે કોઈ નથી.'**

સ્વાદ માટે કે યજ્ઞ જેવી ધાર્મિક વિધિઓના નામે બકરાં, ભૂંડ, મરઘાં,

ગાય વગેરે પ્રાણીઓની ક્રૂરતાપૂર્વક હત્યા કરતા માનવીને તે પશુમાંથી માનવ બને તેવી પ્રેરણા આ બીજું વર્તમાન **'માંસ ન ખાવું'** તેમાં આપી છે. માંસને પ્રસાદ સમજી ગ્રહણ કરતા લોકોને તેઓએ એ અજ્ઞાનદશામાંથી બહાર કાઢ્યા છે. **'શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની ઐતિહાસિક સમાલોચના'** વ્યાખ્યાન પર ગુજરાત સાહિત્ય સંમેલનના ૧૨મા અધિવેશનમાં શ્રી ત્રિભુવનભાઈ વ્યાસે કહ્યું હતું કે, 'મહેમદાવાદમાં એક બ્રાહ્મણના ઘરમાં પ્રીતિભોજન માટે એકત્ર કરેલું **૬૦ મણ માંસ** મહાજને કઢાવ્યું હતું.'



'अहिंसा परमो धर्मः।'ના નારાને આજે ભારતનો નાગરિક જાણે ભૂલતો થયો. રોજ-બરોજના ખાવામાં હવે એ માંસને આવકારે છે. હોટલમાં બનાવવામાં આવતા ખાણાઓમાં પણ માંસનો ઉપયોગ કરી અને વધારે સ્વાદિષ્ટ (?) બનાવે છે.

શાકાહાર એ સંપૂર્ણ ખોરાક છે છતાં માણસ આજે નવાં નવાં **કતલખાનાં** બનાવતો જાય છે.

શ્રી વિવેકાનંદ સ્વામીને અમેરિકામાં અમેરિકનો પોતાની **વૈજ્ઞાનિક પ્રગતિ** બતાવવા એક આધુનિક **કતલખાના**માં લઈ ગયા અને કહ્યું : "અહીં એક બાજુ ગાયો ઊભી હોય ને ચાંપ દાબીએ એટલે ઑટોમૅટીક સામી બાજુએ હાડકાં, માંસ અને લોહી જુદા પડી જાય." વિવેકાનંદ સ્વામીએ તેમને પૂછ્યું : "**તમે આ પ્રક્રિયા ઊલટાવી શકો ખરા ?** જ્યાં માંસ, હાડકાં ને લોહી તેમાંથી સ્વીચ દાબી **ઓટોમેટીક** આ બાજુ જીવતી ગાય ઊભી કરી શકો ?" આ સાંભળીને અમેરિકનો **છોભીલા** પડી ગયા. સ્વામીજીએ કહ્યું : "જેને તમે જીવન આપી શકતા નથી, તેને મારવાનો તમને કોઈ **અધિકાર** નથી."

માંસાહારનો નિષેધ કરતાં **બર્નાર્ડ શો** કહેતા, "મારું પેટ એ કબ્રસ્તાન નથી કે મડદાં સંઘરે." આપણી હિંદુ પરંપરામાં મડદાંને બાળીને આવીએ અને સ્નાન કરવું પડે, મડદાંને અડ્યા હોઈએ તોય સ્નાન કરવું પડે તો પછી માંસાહાર કરીને મડદું પેટમાં નાંખવાનું કેવી રીતે શક્ય બને ?

બર્નાર્ડ શૉ તો એમ પણ કહેતા હતા કે "ઘાસ કાપવા જેટલી હિંસામાં પણ મને વિશ્વયુદ્ધનાં **બીજ** દેખાય છે !"

કોઈપણ પ્રાણીના સંસ્કારની ઓળખ તેના આહાર ઉપરથી થાય છે. ગાય ઘાસ ખાય છે તે ભયાનક નથી. પણ સિંહ માંસ ખાય છે તો તે **ભયંકર** છે અને બીજાને **દુઃખ** પમાડે છે. માણસ જો માંસ ખાય તો તે પણ ભયંકર જ બને, માટે શિક્ષાપત્રીમાં માંસાહારનો **નિષેધ** છે. એટલે જ એમ કહી શકાય કે - માંસાહારી હોય તે શાસ્ત્ર દૃષ્ટિએ માણસ કહેવાય જ નહીં, પછી ભલે ને તે માણસની **આકૃતિ** ધરાવતો હોય!

'अहिंसा परमो धर्मः।'ના નારાને આજે ભારતનો નાગરિક જાણે ભૂલતો થયો. રોજ-બરોજના ખાવામાં હવે એ માંસને આવકારે છે. હોટલમાં બનાવવામાં આવતા ખાણાઓમાં પણ માંસનો ઉપયોગ કરી અને વધારે સ્વાદિષ્ટ (?) બનાવે છે.

**સલાડ :** કેટલાક સલાડ એવા પ્રકારના હોય છે કે તેમાં ઈંડાંનો સફેદ અથવા પીળો ભાગ જેને **'મેયોનિસ'** કહે છે, તે મેળવવામાં આવે છે. જે રશિયન સલાડ છે. તે ઈંડાંના મિશ્રણ યુક્ત હોય છે. આવા ચમકતા સલાડોમાં ૯૦% ઈંડાંનો ઉપયોગ થતો હોય છે.

**સૂપ :** ઘણી હોટલોમાં મોટે ભાગે સૂપ બનાવવામાં કે તેને હલાવવામાં હાડકાંનો ઉપયોગ થતો હોય છે. એવી રીતે ઘણું કરીને સૂપોમાં તરતા પદાર્થોમાં માંસનો ઉપયોગ થાય છે.

**પેસ્ટ્રી :** પેસ્ટ્રી એટલે **કેક**. આ વસ્તુ બનાવવામાં લગભગ ૯૦ % કેકમાં ઈંડાં મિશ્રણવાળી હોય છે. અને તેને ભારતનો સુધરેલો માણસ જન્મદિવસમાં કાપે છે.

ઘણા ઈંડાં ખાય અને જે **વિટામીન** મળે છે તે એક આમળું ખાવાથી મળે છે, તથા પાંચકીલો ઈંડાં ખાવાથી જે **પ્રોટીન** મળે છે તે એક કિલો મગફળી (સીંગદાણા) ખાવાથી મળે છે. જેમ ઈંડાંમાં **બેક પ્રોટીન** છે તેમ દાળભાત અથવા ખીચડી ખાવાથી **બેક પ્રોટીન** મળી રહે છે. તો સર્વરીતે માંસ કરતાં અનાજમાં વધારે **શક્તિ** રહેલી છે. માટે ક્યારેય પણ માંસ ખાવું નહિ. કારણ કે -જે પ્રાણીનું અહીંયાં માંસ ખાવામાં આવે છે તેનો બદલો તેઓ લે છે. સ.ગુ. શ્રી **નિષ્કુળાનંદસ્વામી** યમદંડમાં કહે છે કે-

**'માંસ ખાઈ પશુ મનુષ્યનું, થાય નરનારી પ્રસન્ન ।**
**તેહ જાય જમપુરીએ, પડે રક્ષોગણ ભોજન ॥**
**માર્યા નરપશું અવતરી, ત્યાં રાક્ષસના ગણ થાય ।**
**જેમ ખાધુંતું માંસ તેહનું, તેમ તેનું તેમજ ખાય ॥'**

'જે સ્ત્રી-પુરુષો માંસ ખાય છે તેઓ રક્ષોગણ નરકમાં પડે છે. અહીંયાં જે પશુઓને માર્યા હતાં તેઓ ત્યાં રાક્ષસો થાય છે પછી તેઓનું માંસ જે લોકોએ ખાધું હતું તેના બદલારુપે તેઓ તેવીજ

રીતે ખાય છે.'

પરમાત્માએ આપણા શરીરમાં જે **સંયોજન** ગોઠવ્યું છે તેની સાથે જે ખોરાક **અનુકુળતા** સાધી શકે, તે આપણા શરીર માટે **અનુકુળ ખોરાક** છે.

મનુષ્ય અને તૃણાહારી પશુઓ માટે **શાકાહાર** જ અનુકુળ છે, અને ઘાતકી (શિકારી) પ્રાણીઓ માટે **માંસાહાર** છે, ગાય, ભેંસ, હાથી, ઘોડા વગેરે પ્રાણીઓ ઘાસ જ ખાય છે, બીજું ખાતાં નથી. વાઘ, સિંહ, વરુ જેવા હિંસક પ્રાણીઓ માંસ જ ખાય છે. બીજું નથી ખાતાં...!!!

શાસ્ત્રો અને મહાપુરુષો તથા વૈજ્ઞાનિકોએ **જાહેર** કર્યું છે કે, 'મનુષ્ય એ શાકાહારી પ્રાણી છે. પણ તે માંસાહારી પ્રાણી નથી. કેમ કે તેના શરીરની તમામ રચના શાકાહારી પ્રાણી સાથે મળતી આવે છે.' મૂર્ખ લોકો માંસાહાર કરે છે, બાકી મનુષ્ય માંસાહારી પ્રાણી નથી.

સ્વીડનના પ્રખર વૈજ્ઞાનિક **ડો. થોર્નલીન** તેના પુસ્તકમાં લખે છે :- "Man structure external & Internal compared with other animal shows that Fruits and saccules vegetables constituted his nataral food."

'માણસની આંતર-બાહ્ય રચનાનું પરીક્ષણ કરતા માંસાહારીની તુલનામાં મનુષ્ય સ્વાભાવિક રીતે ફળ અને રસદાર વનસ્પતિનો આહાર ધરાવે છે. આ તેનો **સ્વભાવગત આહાર** છે.'

માણસ સ્વભાવગત રીતે **શાકાહારી** છે. તે જો માંસાહાર કરે તો તેનું શરીર માંસાહાર સાથે **અનુકુલન** સાધી શકતું નથી અને રોગગ્રસ્ત થાય છે.

ન્યૂ દિલ્હીની એક હોસ્પીટલના **ન્યૂરોલોજી** વિભાગના ડોકટરોએ આ અંગે સંશોધન કરી **અહેવાલ** બહાર પાડ્યો છે કે, જેટલા શાકાહારીઓ છે તેનો 'Approach' (અભિગમ-દૃષ્ટિકોણ) હંમેશા 'Positive' (હકારાત્મક) રહ્યો છે. એટલે કે તેમની વર્તણુક મનોસ્થિતિ હકારાત્મક છે. માંસાહાર કરનાર વ્યક્તિની તામસીવૃત્તિ અને ગુનાહિત વૃત્તિ સળવળી ઊઠે છે. માંસાહારને કારણે શરીરમાં રહેલા **ન્યૂરો ટ્રાન્સમીટર્સ** છૂટાં પડે છે. જે માનવીના કેન્દ્રીય મજ્જાતંતુને ઉશ્કેરે છે અને વ્યક્તિની વર્તણુક **તામસી** બની જાય છે. માંસમાં પ્રોટીનનું પ્રમાણ એટલું બધું હોય છે કે તે ખાનાર વ્યક્તિ થાક, આળસનો અનુભવ કરે છે. વળી, આ પ્રોટીનને કારણે મગજમાં **ટાયરોસિન** નામના રસાયણોને કારણે મગજની **ક્રિયાશીલતા** વધી જાય છે. તેને ઊંઘમાં ખલેલ પડે છે, એટલે કે તેને અનિદ્રાનો રોગ લાગુ પડે છે.

**❖ માંસાહાર તરફની લાલબત્તી :**

માંસાહારથી લોહીમાં **ચરબી**નું પ્રમાણ, **કોલેસ્ટ્રોલ**નું પ્રમાણ વધારે રહે છે. જે હાર્ટએટેકનું કારણ બને છે. આ કોલેસ્ટ્રોલ **હાર્ટએટેક** લાવે છે.

- મનુષ્યના આંતરડાની લંબાઈ લગભગ **૨૫ ફૂટ** છે. પ્રાણીઓના આંતરડા નાના છે. તેથી માંસનું પાચન થઈ અમુક કલાકમાં આ ખોરાક મળરૂપે બહાર નીકળી જાય છે. પરંતુ મનુષ્ય જ્યારે માંસ ખાય છે ત્યારે તેના આંતરડાની લંબાઈ વધારે હોવાને કારણે માંસ આંતરડામાં લાંબા સમય સુધી પડ્યું રહે છે. પરિણામે માંસ આંતરડામાં સડે છે અને જેને કારણે **આંતરડાનું કેન્સર** થાય છે.

- પરમાત્માએ માંસાહારી પ્રાણીઓમાં કિડની અને લીવર મોટા મૂક્યા છે. જ્યારે શાકાહારી પ્રાણીઓમાં આનું કદ નાનું છે. હવે શાકાહારી માણસ જ્યારે માંસાહાર કરે છે ત્યારે કિડની તો નાની છે અને તેને કામ વધારે કરવું પડે છે. કેમ કે માંસમાં હાનિકારક તત્ત્વો વિશેષ છે. પરિણામે માનવી કિડનીને શ્રમ વધારે પડે છે. તેથી કિડની એ રોગનો ભોગ બને છે.

સ્વામી વિવેકાનંદજી **શિકાગો** ગયેલા ત્યારે ત્યાંની **ટેકનોલોજી** બતાવવા માટે ઈજનેરો તેમને એક કતલખાનામાં જોવા લઈ ગયા. ત્યાં એક જગ્યાએથી ગાયને નાખે તો ઓટોમેટીક તે કપાતી જાય. હાડકાં-માંસ-લોહી જુદું પડતું જાય, અમુક નકામાં પદાર્થો જુદાં થતાં જાય અને આ બધી જુદી-જુદી વેરાઈટીના **૯૦૦ ડબ્બા** પેક થઈને **ધડાધડ** બહાર નીકળતા જાય. દુઃખી હૈયે સ્વામીએ આ **કરુણાજનક ઘટના** જોઈ. મેનેજરે આવી વિવેકાનંદ સ્વામીને પૂછ્યું : 'સ્વામીજી ! અમારી આ ટેકનોલોજી જોઈને તમે ખુશ થયાને ?'

ત્યારે સ્વામીજીએ તેને જવાબ આપતા કહ્યું : 'ના ભાઈ, **આનાથી હું ખુશ ન થાઉં. પરંતુ** આ ૯૦૦ ડબ્બા આ બાજુથી મશીનમાં નાંખો અને પેલી બાજુથી જીવતી ગાય ભાંભરતી નીકળે તો હું ખુશ થાઉં ! છે તમારી ટેકનોલોજીની તાકાત કે આ ગાય જીવતી થઈને બહાર નીકળે ? કાપી નાંખવું, મારી નાંખવું, ખાઈ જવું... એ તમારી **સંસ્કૃતિ** છે. એ તો બહું સહેલું છે. પણ અમારી સંસ્કૃતિ, **ઋષિમુનિઓની સંસ્કૃતિ તો જીવન આપે છે.**

કોઈનું જીવન છીનવી લેતી નથી.'

જીવનની **વાસ્તવિકતા** એ છે કે, આ શરીરને માંસાહારની બિલકુલ જરૂર જ નથી. **પાયાની વાત** તો એ છે કે **જીવો અને જીવવા દો.** પ્રાણીઓ આપણા જીવનમાં દખલ નથી કરતા તો એને પણ હેરાન કરવાનો આપણો કોઈ જ **અધિકાર** નથી. આખીર તો એ જીવ જ છે ને !!!



છ માસ પર્યંત માછીમાર માછલાં મારે, અને જેટલું પાપ લાગે છે તેટલું પાપ એક જ દિવસ ગાળ્યા વિનાનું જળ પીનારને લાગે છે. કારણ કે ગાળ્યા વિનાના જળમાં ક્યારેક દૃશ્ય એવા જંતુઓ પણ ઉદરમાં ચાલ્યા જાય છે. સ્મૃતિમાં કહ્યું છે :- 'चर्मवारि भवेन्मांसं मांसं तोयमगालितम् ।' - ચામડાંના કોસનું જળ **માંસની સમાન** છે. અને ગાળ્યા વિનાનું જળ પણ માંસની સમાન કહેલું છે.

- **અજાણમાં માંસાહારનો શિકાર બનતો માનવી...**

**યજ્ઞના પ્રસાદ તરીકે :-** ઘણાં દેવ-દેવીઓ આગળ નૈવેદ્યમાં દારુ-માંસ ધરાવાતું હોય છે, અંધશ્રદ્ધાળુઓ પ્રસાદિના માહાત્મ્યએ કરીને પ્રસાદનો અનાદર ન કરાય એવી માન્યતાને આધારે પ્રસાદ લેતા હોય છે.

'यो अग्निः क्रव्यात् प्रविवेश नो गृहमिमं पश्यन्नितरं जातवेदसम् ।
तं हरामि पितृयज्ञाय दूरं स धर्ममिन्धां परमे सधस्थे ।।'

(અથર્વવેદ : ૧૨/૨/૭)

'માંસ ભક્ષક અગ્નિ અમારા દેવપિતૃના યજ્ઞ નિમિતે દૂર રહો. અમારા ઘરમાં કદી **માંસ ભક્ષક અગ્નિ** પ્રવેશ ન કરો.' આમ અથર્વવેદમાં કહ્યું છે. **અધ્વર** એટલે યજ્ઞ. ધ્વર એટલે હિંસા. અધ્વર એટલે **અહિંસા.** યજ્ઞનો સીધો અર્થ છે : 'અહિંસામય યજ્ઞ.' તેથી અથર્વવેદ ના પાડે છે કે માંસભક્ષક અગ્નિ પિતૃ અને દેવના યજ્ઞમાં હોવો ન જોઈએ.

એટલે જ શ્રીજીમહારાજ આ સંદર્ભમાં શિક્ષાપત્રીમાં કહે છે : **'न भक्ष्यं सर्वथा मांसं यज्ञशिष्टमपि क्व चित् ।'** - 'અને જે માંસ છે તે તો યજ્ઞનું શેષ હોય તો પણ આપત્કાળમાં પણ ક્યારેય ન ખાવું.' (શ્લોક - ૧૫)

**ઔષધના બહાને માંસાહાર :-** શિક્ષાપત્રીમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે કે, यदौषधं च सुरया सम्पृक्तं पललेन वा । अज्ञातवृत्तवैद्येन दत्तं चाद्यं न तत्क्व चित् ॥ - ને જે ઔષધ દારૂ તથા માંસ તેણે યુક્ત હોય તે ઔષધ ક્યારેય ન ખાવું અને વળી જે વૈદ્યના આચરણને જાણતા ન હોઈએ તે વૈદ્યે આપ્યું જે ઔષધ તે પણ ક્યારેય ન ખાવું.

વર્તમાન સમયમાં **અનેક દવાઓમાં માંસનો ઉપયોગ** કરવામાં આવે છે. તેના માટે હરિભક્તોએ **પૂરી ખાત્રી કરીને જ દવાનો ઉપયોગ** કરવો. કતલખાનામાં પશુઓને મારીને તુરંત તેના લોહીના ટીન ભરાઈ ને ફાર્મસી દ્વારા તેમાંથી **ટૉનિક બોટલો** ભરાય છે. (જેમાં 'બી ટ્વેલ' લખ્યું હોય તે ન ખવાય, તેમજ 'કોડ લીવર ઓઈલ' લખ્યું હોય કે 'લીવર એક્સટ્રેક્ટ' (Liver extracts) લખ્યું હોય તે પણ ક્યારેય ન ખાવું.)

એક વખત ગાંધીજીના ધર્મપત્ની **કસ્તુરબા** અતિ બિમારીથી ઘેરાઈ ગયા. ડોકટરોએ એમને **માંસ મિશ્રિત દવા** આપી. ત્યારે કસ્તુરબાએ એ દવા લેવાની ચોખી **ના** પાડી દીધી. ત્યારે ડોકટર કહે : 'બા, આ દવા તમે નહિ પીવો તો મોતને ભેટવું પડશે.' 'અરે ! કાલે નહિ **ભલે આજે મોત આવે, પણ આ માંસ મિશ્રિત દવા** હું ક્યારેય નહિ લઉં.' કસ્તુરબાએ ખુમારીથી **જવાબ** આપ્યો. તેઓની આવી દૃઢ નિષ્ઠાથી ભગવાને એમને સામાન્ય દવાથી સાજા કરી દીધા.

**ગાળ્યા વિનાના પાણી-દૂધથી માંસાહાર :-** સર્વજીવ હિતાવહનો સંદેશ આપતી જનની સમી શિક્ષાપત્રીમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે કે, 'अगालितं न पातव्यं पानीयं च पयस्तथा ।' - 'ગાળ્યા વિનાનું જે જળ તથા દૂધ તે ન પીવું.' (શિક્ષાપત્રી : શ્લોક - ૩૦)

ગાળ્યા વિનાનું જળ પીવામાં તો પુરાણોમાં મહાન દોષ કહેલો છે :- 'मत्स्यग्राहस्य यत्पापं षण्मासाभ्यन्तरे भवेत् । एकाहे तत्समं ज्ञेयमपूतं यो जलं पिबेत् ।।' - છ માસ પર્યંત માછીમાર માછલાં મારે, અને જેટલું પાપ લાગે છે તેટલું પાપ એક જ દિવસ ગાળ્યા વિનાનું જળ પીનારને લાગે છે. કારણ કે ગાળ્યા વિનાના જળમાં ક્યારેક દૃશ્ય એવા જંતુઓ પણ ઉદરમાં ચાલ્યા જાય છે. સ્મૃતિમાં કહ્યું છે :- 'चर्मवारि भवेन्मांसं मांसं तोयमगालितम् ।' - ચામડાંના કોસનું જળ **માંસની સમાન** છે. અને ગાળ્યા વિનાનું જળ પણ માંસની સમાન કહેલું છે. માટે ભગવાન શ્રીહરિની આજ્ઞા મુજબ આશ્રિતોએ ગાળ્યા વિનાનું જળ ન પીવું, અને જો પીવે તો **માંસભક્ષણનો દોષ** લાગે છે.

(શિક્ષાપત્રી અર્થદિપિકા : શ્લોક - ૩૦)

શિક્ષાપત્રી ભાષ્યના શ્લોક નં. ૭૮ના વિવેચનમાં સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી પરાશરાદિ મુનિઓના વચનથી **માંસ સમાન** ગણાતી માટે **સર્વથા ત્યાજ્ય** વસ્તુઓને આ પ્રમાણે ગણાવે છે :-

आमिषाणि उक्तानि पराशरादिभिः :- "प्राणिरोमादि चर्माम्बु बहुबीजं च यत्फलम् । धान्ये मसूरिका चैव द्विजक्रीता रसास्तथा ।। भुजि प्रत्यक्षलवणमन्नं विष्णवनिवेदितम् । अगालितं च पानीयं दुग्धं लवणयुक् तथा ।। गोछागीमहिषीदुग्धादन्यदुग्धादिकं च यत् ।। तत्सर्वमामिषं प्रोक्तं मांसं च प्राणिसम्भवम् ।। एतद्वर्ज्यं सदा प्राज्ञैश्चातुर्मास्ये विशेषतः ।"

'પરાશરાદિ મુનિઓએ આ **અગિયાર વસ્તુઓને માંસ** અથવા **માંસ સમાન** જ ગણેલી છે. (૧) પ્રાણીઓના રૂંવાડા, (૨) ચામડામાં (પખાલ અથવા કોસમાં) ભરેલું પાણી, (૩) ઘણા બી વાળું ફળ, (૪) ધાન્યમાં મસૂરની દાળ, (૫) દ્વિજે વેચેલા (બ્રાહ્મણ પાસેથી ખરીદેલા) રસો, (૬) જમતી વખતે ભોજનમાં પ્રત્યક્ષ મીઠું, (૭) ભગવાનને ધર્યા વિનાનું અન્ન, (૮) ગાળ્યા વિનાનું પાણી, (૯) લવણયુક્ત (મીઠા વાળું) દૂધ, (૧૦) ગાય, બકરી તથા ભેંસ સિવાય બીજા પ્રાણીઓના દૂધ વગેરે, (આ સર્વે માંસ બરોબર કહેલ છે.) તેમજ (૧૧) પ્રાણીઓના દેહથી ઉત્પન્ન થયેલ માંસનો ડાહ્યા-સજ્જન પુરુષોએ સદાય ત્યાગ કરવો; ચાતુર્માસમાં તો વિશેષપણે ત્યાગ કરવો.' (માટે ઉપરોક્ત દશેય વસ્તુઓનો પણ માંસ તુલ્ય જ જાણીને ત્યાગ કરવો.)

અશુદ્ધ જળમાં રહેલ જીવ-જંતુઓને કારણે શાસ્ત્રોએ **કાપડથી પાણી ગાળવાનું વિધાન** આપ્યું છે. તે આજે પણ ફક્ત ભારતમાં જ નહીં, પરંતુ સુધરેલા પશ્ચિમમાં પણ તેટલું જ લાગુ પડે છે. લંડનમાં પ્રકાશિત થતા વર્તમાનપત્ર **'ડેઈલી મેઈલ'**ના ૧૦-૭-૧૯૯૬ના અંકમાં લંડન શહેરને પાણી પુરું પાડતા **'થેમ્સ વોટર ઓથોરિટી'**ના જળમાં પણ **શ્રીમ્પ્સ** નામના બારીક જંતુ નોંધાયાનો ઉલ્લેખ હતો ! ઉપરોક્ત સંસ્થાએ જણાવ્યું હતું કે, આ જંતુઓને નિવારવા માટે નળ ઉપર એક **પાતળું કાપડ** બાંધવું ! આ વાત ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીના ૩૦મા શ્લોકમાં ૧૫૦ વર્ષ પૂર્વે કરી હતી, જેમાં પાણી તથા અન્ય દૂધ વગેરે પ્રવાહીને ગાળવું તથા લોટને ચાળવો એવું **વિધાન** આપ્યું છે.

**શાકભાજી દ્વારા માંસાહાર :-** રસોઈ બનાવતી વખતે અવશ્ય લોટને ચાળવો. પછી શાક સુધારીયે ત્યારેપણ ઝીણી નજરથી જોવું. કારણ કે -ઝીણાં જીવડાંઓ શાકભાજીમાં બહુ હોય છે, તેમાં પણ તુવેરની સીંગોમાં કોબીજમાં, અને ફુલાવરમાં તો અસંખ્ય જીવો હોય છે, માટે બને ત્યાં સુધી આ ગરમીપ્રધાન પ્રદેશમાં ઉપજતી ફુલાવર જેવી વસ્તુનું શાક કરવું જ નહિ તથા આખાં રીંગણાંનું શાક તથા ભડથું કરનારાઓએ પણ બરાબર ખ્યાલ રાખવો જોઈએ, નહિતર જીવતી ઈયળો બફાઈને મરી જાય છે. પછી તેને ખાવાથી માંસ ભક્ષણનો દોષ લાગે છે તેમજ હિંસાનો પણ દોષ લાગે છે. તેવીજ રીતે લીલી સીંગ માટલામાં બાફીને ઊંધીયું બનાવેલ હોય તે ખવાય નહિ એમ શ્રી સત્સંગિજીવનના પંચમ પ્રકરણના ૧૮મા અધ્યાયમાં કહ્યું છે તેમજ શાકભાજી ધોયા સિવાય વપરાય નહિ તેનું ખાસ **અનુસંધાન** રાખવું જોઈએ.

હાલમાં સર્વે સ્થાનમાં બહુધા એવું જોવા મળે છે કે- બજારેથી **મસાલા** લાવે ત્યારે સાફ કરીને ડબામાં ભરી દે છે. પછી ખૂટે ત્યારે ફરીને સાફ કરી ભરી દે, પરંતુ વચ્ચેના દિવસોમાં જુવે નહિ; તેના કારણે હળદર, અજમો, જીરુ તથા ચટણીમાં ઈયળો પડી જવાનો સંભવ છે અને તે ઘણી જગ્યાએ જોવા મળે છે. માટે મસાલાને પણ **આઠ દિવસની અંદર** આંકથી ચાળીને સાફ કર્યા પછી જ વાપરવા જોઈએ અથવા દરરોજ શાકમાં નાખતા પહેલા હાથમાં પહોળા કરીને કે ઢાંકણામાં પહોળા કરીને જોવા જોઈએ અને પછી જ શાક-દાળમાં નાખવા જોઈએ. તથા મોરૈયાને તો બરાબર સાફ કરવો જ જોઈએ.

**માર્કેટમાં નિર્દોષ દેખાતી વાનગી દ્વારા માંસાહાર :-** અમુક બેકરીઓની આઈટમો, જેવી કે બિસ્કીટ, કેક, ચોકલેટ શાકાહારી હોતી નથી. વળી, અમુક આઈસક્રીમ કંપનીઓ પણ આઈસક્રીમમાં **જીલેટીન** નામનો આંતરડામાંથી બનાવેલો પદાર્થ નાંખીને આઈસક્રીમ બનાવે છે. માટે અજાણી મીઠાઈ, ચોકલેટ, આઈસક્રીમ વગેરે ખાતાં પહેલા જ અજાણતામાં માંસાહારનો દોષ ન લાગે તેનું અનુસંધાન રાખવું ઘટે છે.

માટે મોક્ષભાગી જીવાત્માઓએ જીભની લોલુપતાનો ત્યાગ કરી માંસાહારથી તથા સૂક્ષ્મ માંસાહારથી બચતા રહેવું. માંસ હિંસા વગર મળતું જ નથી. માટે માંસાહારનો ત્યાગ કરવો. માણસ ઉભયજીવી (ઉભયઆહારી) નથી. ફક્ત શાકાહારી જ છે.

'अहिंसा परमो धर्मः।' - આમ, અનેક પ્રકારની સ્થૂળ અને સૂક્ષ્મ હિંસાનો ત્યાગ કરી, સંયમી રહી અહિંસાનું દઢપણે પાલન કરવું એ 'માંસ ન ખાવું' (માટીત્યાગ)ના વર્તમાનનું યથાર્થ પાલન ગણાય.

# લાલબત્તી - ૩

# ચોરી ન કરવી...



> ‘स्तेनकर्म न कर्तव्यं धर्मार्थमपि केनचित् । सस्वामि काष्ठपुष्पादि न ग्राह्यं तदनाज्ञया ॥’
> અને ધર્મ કરવાને અર્થે પણ અમારા સત્સંગી કોઇએ ચોરનું કર્મ ન કરવું. અને ધણિયાતું જે કાષ્ટ, પુષ્પ, આદિક વસ્તુ તે તેના ધણીની આજ્ઞા વિના ન લેવું.
> સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ
> (શિક્ષાપત્રી : શ્લોક - ૧૭)

## ચોરી એટલે શું ?

ધન, ધાન્ય, દાગીના-ઘરેણાં, વસ્ત્રો, વાહન, જમીન, મિલકત, ફળ-ફૂલ વગેરે કોઈપણ પદાર્થ **તેના માલિકની આજ્ઞા કે ઈચ્છા વિરુદ્ધ** ગુપ્ત રીતે, બળજબરીથી કે કોઈપણ પ્રકારની યુક્તિપૂર્વક લઈ લેવું, અણહક્કથી પચાવી પાડવું કે તેનો **ઉપયોગ-ઉપભોગ** કરવો એ **ચોરી કાર્ય** છે.

ચોરી જેવું **અનૈતિક** કાર્ય કરવા પાછળ **અનેક કારણો** ને **પરિબળો** ભાગ ભજવતા હોય છે. તેમાં વસ્તુઓ પ્રત્યેનું આકર્ષણ, પ્રલોભન થવું, લોભ-લાલચની વૃત્તિ હોવી, પદાર્થ પ્રત્યેની મમતા ને આસક્તિ હોવી, પદાર્થનો પરિગ્રહ કરવાની વૃત્તિ તથા પદાર્થનો અભાવ વગેરે ચોરીકર્મ પાછળના **મુખ્ય કારણો** છે. દેખાદેખી, વસ્તુઓનો અભાવ, ચોરીકર્મ પાછળના મુખ્ય કારણો છે. તેમજ અસંતોષ, આર્થિક નિર્બળતા, મનોરંજનના પૂરતાં સાધનોનો અભાવ, ઓછી મહેનતે સહેલાઈથી ધન કે પદાર્થ મેળવવાની મનોવૃત્તિ, અજ્ઞાન, નિરક્ષરતા, નૈતિકતાનો અભાવ, કુસંગ અથવા સંગદોષ વગેરે અનેક બળવાન **પરિબળો** પણ પાપરૂપ ચોરીકાર્યમાં **નિમિત્ત** બને છે.

ચોરી કરનાર, ચોરને ચોરી કરવાની પ્રેરણા, પ્રોત્સાહન, અનુમોદન કે આદેશ આપનાર, ચોરી કરવામાં મદદરૂપ થનાર, ચોરીકાર્યનો ઢાંકપિછોડો કરનાર-છાવરનાર તથા ચોરીની વસ્તુનો જાણવા છતાં આનંદથી ઉપભોગ કરનાર, આ સર્વે **ગુનેગાર** છે અને આ સર્વેને ચોરીનું **કર્મફળ** ભોગવવું પડે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ **શિક્ષાપત્રી**માં કહે છે :- ‘स्तेनकर्म न कर्तव्यं धर्मार्थमपि केनचित् । सस्वामि काष्ठपुष्पादि न ग्राह्यं तदनाज्ञया ॥’ - અને ધર્મ કરવાને અર્થે પણ અમારા સત્સંગી કોઈએ ચોરનું કર્મ ન કરવું. અને ધણિયાતું જે કાષ્ટ, પુષ્પ, આદિક વસ્તુ તે તેના ધણીની આજ્ઞા વિના ન લેવું. (શ્લોક - ૧૭)

ધર્મને અર્થે પણ ચોરી ન થાય, તો પોતાના કુટુંબના પોષણાદિકને માટે કે પોતા માટે તો ચોરી ક્યાંથી થાય ? ન જ થાય.

**ચોરીનું કર્મ એટલે** ધણીની હાજરીમાં બળાત્કારે અથવા તો ધણીની ગેરહાજરીમાં પારકા દ્રવ્યમાત્રનું હરણ કરી લેવું, પારકું દ્રવ્ય લૂંટી લેવું તેને **ચોરીનું કર્મ** કહેવાય છે. આવું ચોરીનું કર્મ કોઈ ધર્મસંબંધી કાર્યને માટે પણ કરવું નહિ. કારણ કે ચોરીનું કર્મ કોઈ બીજાના અંતઃકરણને ક્લેશ આપીને મેળવેલું હોય છે. અને એ અન્યાયનું કહેવાય છે. માટે એ ચોરીનું દ્રવ્ય ધર્મકાર્ય માટે યોગ્ય જ નથી. નીતિ અને ન્યાયથી પ્રાપ્ત કરેલું દ્રવ્ય હોય એ જ ધર્મકાર્ય માટે યોગ્ય છે.

**ચોરી કરવાની કુટેવથી** શારીરિક-માનસિક સજા, સમાજમાં કલંક તથા માન-પ્રતિષ્ઠાહાનિ વગેરે અનેક પ્રકારના **દુષ્પરિણામો** ભોગવવા પડે છે. ચોરી કરવાથી મનની નૈતિક તાકાત, સ્વતંત્રતા, પવિત્રતા વગેરે નષ્ટ થાય છે અને માનસિક વિકૃતિને લઈને તેની ચેતના **અધઃપતન** તરફ નીચે સરી પડે છે,

અધોગતિ થાય છે.

પોતાના પદ ને સત્તાની ઓથે કોઈની પાસેથી **લાંચ-રિશ્વત** લેવી તે ચોરી છે. પછી ભલે તેનું કોઈ કાર્ય સિદ્ધ કરી આપવાનું હોય કે તેને કોઈ પ્રકારે સહાયરૂપ થવાનું હોય. શ્રીજીમહારાજ શિક્ષાપત્રીમાં કોઈપણ પ્રકારની લાંચ લેવાની સ્પષ્ટ **મનાઈ** કરે છે :- **'लुञ्चा ग्राह्या न कस्यचित् ।'** અને વ્યવહાર કાર્યને વિષે કોઈની લાંચ ન લેવી. (શ્લોક - ૨૬) ૧૮૫ વર્ષ પહેલાં જાણે તેઓએ આધુનિક યુગના દૂષણ સામે **લાલબત્તી** ધરી દીધી હતી. લાંચ લેવાનું કૃત્ય એ **ચોરી** જ છે.

ભગવાન શ્રીહરિ શિક્ષાપત્રીના ૧૭મા શ્લોકમાં કહે છે :- 'ધાર્મિક હેતુ માટે પણ અમારા સત્સંગીએ ચોરી ન જ કરવી. અને ધણિયાતું જે કાષ્ઠ, પુષ્પ આદિક વસ્તુ તે તેના ધણીની આજ્ઞા વિના ન લેવું.'

ચોરી માનવજાતની આદિ **વૃત્તિ** છે. એક બાજુ ચોરીની વૃત્તિની ચોપાટમાં દિવસ-રાત રમનારો વર્ગ છે, ત્યાં બીજી તરફ ભગવાન શ્રી સ્વામિનારાયણ **ધર્મકાર્ય માટે પણ** ચોરીનો આગ્રહપૂર્વક **નિષેધ** કરે છે.

ભગવાન શ્રીહરિએ કેવળ આ **આદેશ** આપ્યો છે એટલું જ નહીં, પરંતુ સેંકડો લોકોના જીવનમાં **ચરિતાર્થ** કરી બતાવ્યું છે. શ્રીહરિલીલામૃત **ગ્રંથ**માં પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી એક આવા પ્રસંગની **નોંધ** કરે છે :

શ્રીજીમહારાજ એકવાર વડતાલ પાસેના **બામણોલી** ગામે તખા પગી નામના હરિભક્તને ત્યાં પધાર્યા હતા. હરિભક્તો મહારાજના દર્શન કરવા આવતા હતા. તેવામાં એક હરિભક્ત ભગવાન શ્રીહરિ માટે **ચોળાફળી** લાવ્યા. ભગવાન શ્રીહરિએ તરત જ પૂછ્યું : 'ક્યાંથી લાવ્યા ?' 'રસ્તામાં એક ખેતર આવ્યું તેમાંથી તોડીને લાવ્યો છું.' 'ધણીને પૂછ્યું હતું ?' ઉત્તર 'ન'કારમાં આવતા ધર્મસંસ્થાપક ભગવાન શ્રીહરિએ તે ભક્તને આદેશ આપ્યો : 'આ **ચોરી** કહેવાય, માટે આ ચોળાફળી તે ખેતરના માલિકને પાછી આપી આવો.'

એકવાર સભામાં **સુરાખાચર** મોડા આવ્યા. શ્રીજીમહારાજે પૂછ્યું : 'કેમ દરબાર ! આજે મોડા ?' ત્યારે સુરાખાચરે કહ્યું : 'રાત્રે મારા **બે બળદ** કોઈ ચોરી ગયું !'

ભગવાન શ્રીહરિ કહે : 'તો તો દરબાર તમારે ખેતીનું કામ અટકી ગયું હશે ?'

સુરાખાચર કહે : 'એમ થોડું હોય ? આજે રાત્રે જઈને હું કોઈના **ચાર બળદ** ઉપાડી લાવ્યો !'

આખી સભા હસી પડી. પરંતુ શ્રીજીમહારાજ ગંભીર થઈને કહે : 'દરબાર, તમને સત્સંગીના **પંચવર્તમાન**ની ખબર છે. તમે વર્તમાન પાળો છો ને પાછા ચોરી કરો છો ?'

ત્યારે સુરાખાચરે કહ્યું : 'પણ મહારાજ, પહેલા વર્તમાન તો મારા બળદ ચોરી ગયો તેણે લોપ્યું છે.'

પછી શ્રીજીમહારાજ કહે : 'પંચવર્તમાન તો સત્સંગીઓને પાળવાને માટે છે. માટે તમે જે કર્યું છે તે તો **ચોરી** જ કહેવાય.'

કેટલી સ્પષ્ટ, સચોટ અને ધર્મસાગરના ઊંડાણમાંથી નીકળેલો આ **મોતીરૂપ સંદેશ** છે !

શિક્ષાપત્રીનો આ આદેશ સાચે જ વ્યક્તિની નૈતિકતાને અભેદ્ય કવચથી રક્ષે છે અને ભગવાન શ્રી સ્વામિનારાયણના સમકાલીનથી લઈને આજપર્યંત અસંખ્ય લોકોના જીવનમાં નૈતિકતાના અજવાળા પૂરે છે. સ.ગુ. શ્રી **પ્રેમાનંદ સ્વામી** કહે છે :- **'પાંચે વર્તમાન પાળે બાઈઓ ને ભાઈઓ, પડી વસ્તુ કોઈની હાથે નવ ઝાલે રાજ...'**

નીતિમત્તાના મૂલ્યોને વિસારી દઈ અનીતિ, ભ્રષ્ટાચાર, દાણચોરી, વિવિધ પ્રકારની યુક્તિઓ અજમાવી કરવામાં આવતી કરચોરી જેવી કે આવકવેરો, વેચાણવેરો, જકાતવેરો વગેરેમાં ચોરી કરવી, કોઈનો વિશ્વાસઘાત કરી ગેરલાભ ઉઠાવવો, કોઈએ પોતાની થાપણ-અનામત સાચવવા આપી હોય તેને હડપ કરી જવી, કોઈક પોતાની વસ્તુ કોઈક સ્થાનમાં ભૂલી ગયું હોય તેને પોતાના અંગત ઉપયોગ માટે લઈ લેવી, માર્ગમાં કોઈની વસ્તુ પડી ગઈ હોય તે લઈ લેવી આ સર્વે **ચોરીના પ્રકારો** છે.

નોકરી, ધંધો કે વ્યવસાયમાં કે પછી સમાજસેવા અથવા દેશસેવા આદિ પ્રવૃત્તિમાં પોતાની ફરજો, જવાબદારીઓ પ્રામાણિકપણે ન બજાવવી તથા કર્તવ્યપરાયણતામાં ખામી હોવી તે બધી **સૂક્ષ્મ ચોરી** છે.

પોતાની ઊપજ-આવક તેમજ પોતાને મળતા સમયમાંથી પ્રભુપ્રસન્નતા માટે ભગવાનને અર્પણ કરવાનો ભાગ ધર્માદારૂપે ન કાઢવો તે **ચોરી** છે.

આ રીતે કોઈપણ પ્રકારની ચોરી મનને **ક્ષોભ** પમાડે છે. તે ચિત્તની નિર્મળતાને ક્ષતિ પહોંચાડી **અશુદ્ધ** બનાવે છે. મનની સ્વતંત્રતા છીનવાઈ જઈ મન **દુર્ગુણોનું ગુલામ** બને છે. અંતઃકરણ દૂષિત થવાથી ચૈતન્યની **આધ્યાત્મિક પ્રગતિ** અવરોધાય છે ને ચેતના **અધોગતિ** તરફ સરી પડે છે. માટે સ્થૂળ-સૂક્ષ્મ ચોરીકર્મ મન-કર્મ-વચનથી ન થઈ જાય તે અર્થે સતત જાગૃત રહી તેનો ત્યાગ રાખવો એ આ **ત્રીજા વર્તમાનનું પાલન** છે.

# લાલબત્તી - ૪

# વ્યભિચાર ન કરવો...



**ભ**ગવાન શ્રી સ્વામિનારાયણે **ભક્તિ પરંપરા**ની ભાંગેલી **પાળો**ને સમારવા **'બ્રહ્મચર્ય અથવા સ્ત્રી-પુરુષ મર્યાદારૂપી ધર્મ'**ની બાબત પર **જોર** આપ્યું છે.

ભક્તિમાર્ગમાં જ્યાં જ્યાં ધર્મનો સડો (અધર્મ છિદ્ર) પેઠો હતો તે તેઓએ વીણી વીણીને દૂર કર્યો. લોજમાં આવતાની સાથે જ, બીજે જ દિવસે **સ્ત્રી-પુરુષની સભા** અલગ કરાવી. અને થોડા જ દિવસોમાં પાડોશીના ઘર અને સાધુઓ વચ્ચે અગ્નિની આપ-લે કરાવતો **ગોખલો** પણ પુરાવ્યો. આમ કરીને તેમણે સાધુઓને સ્ત્રી-સંસર્ગથી મુક્ત કર્યાં, ભગવાન શ્રીહરિના જ શબ્દોમાં કહો તો **'ધર્મના છિદ્ર'** હતાં તે પૂરી દીધાં.

જેવી સાધુઓ માટે શ્રીજીમહારાજની આગ્રહભરી રીત, એવી જ ગૃહસ્થ ભક્તો માટે પણ હતી. ગૃહસ્થ હરિભક્તો ભક્તિના નામે ક્યારેય વ્યભિચાર કે અસંયમના માર્ગે ચઢી ન જાય તે માટે ભગવાન શ્રીહરિએ ગૃહસ્થોને પણ પવિત્ર ધર્મમર્યાદારૂપી નિયમોથી બાંધ્યા.

ભગવાન શ્રીહરિ શિક્ષાપત્રીમાં કહે છે :- **'વ્યભિચારો ન કર્તવ્યઃ પુમ્ભિઃ સ્ત્રીભિશ્ચ માં શ્રિતૈઃ ।'** - અને અમારા આશ્રિત જે પુરૂષ તથા સ્ત્રીઓ તેમણે વ્યભિચાર ન કરવો. (શ્લોક - ૧૮)

આ શ્લોકની વ્યાખ્યા કરતા સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી **'શિક્ષાપત્રી ભાષ્ય અર્થદીપિકા'**માં કહે છે :- 'ગૃહસ્થો માટે સદાચારમાં સારામાં સારું પાસું એકપત્ની વ્રત છે. પોતાની પત્ની સિવાય બીજી તમામ સ્ત્રીઓ પ્રત્યે માતૃભાવ, બહેનભાવ કે દીકરીભાવ રહે, આવા ગૃહસ્થને બ્રહ્મચારીની સમાન **ઉત્તમ** કહેલો છે. અને ગૃહસ્થ પુરુષો કે સ્ત્રીઓના હૃદયમાં પાપમય વાસનાનો પ્રવેશ થાય, અને એ પ્રવેશને પોતે અટકાવી શકે નહિ, અને જો અનિષ્ટ આચરણ કરે તો એ ગૃહસ્થ મહાપાપી બને છે. અને આ લોકમાં પણ મહાન નિંદાને પામે છે. મનુસ્મૃતિ પણ કહે છે :- 'व्यभिचारात्तु भर्तुः स्त्री लोके निन्द्यतां प्राप्नोति । शृगालयोनिमाप्नोति पापरोगैश्च पीड्यते ।।' - સ્ત્રી જો **વ્યભિચાર કર્મ** કરે, અર્થાત્ જો **પરપુરુષનો સંગ** કરે તો એ સ્ત્રી આ લોકમાં નિંદાને પાત્ર બને છે. અને પરલોકમાં શિયાળની યોનિને પામે છે. અને એ યોનિમાં પાપ તથા રોગ વડે પીડા પામે છે. એ જ પ્રમાણે પુરુષ જો **પરસ્ત્રીનો સંગ** કરે તો પુરુષ પણ આ લોકમાં **નિંદાને પાત્ર** બને છે. અને પરલોકમાં શિયાળની યોનિને પામે છે. અને એ યોનિમાં પાપ અને રોગ વડે પીડા પામે છે.'

'વ્યભિચાર ન કરવો' એ **ચોથું વર્તમાન** છે. આ વર્તમાનને **'અવેરી'** પણ કહેવાય છે.

વ્યભિચાર = વિ + અભિ + ચાર

વિ = વિપરિત, અભિ = સંપૂર્ણપણે, ચાર = આચરણ.

સ્ત્રી-પુરુષોની મર્યાદા છે, તેનાથી સંપૂર્ણ વિપરિતપણે જે આચરણ કરવું તેનું નામ **'વ્યભિચાર.'**

સાદા અર્થમાં **પરસ્ત્રીગમન** કરવું અને સ્ત્રીઓએ **પરપુરુષગમન** કરવું,

> 'ચકમકને
> લોઢું ભેગા થાય કે અગ્નિ પ્રકટે -
> એ અનુભવે શ્રીજીએ સ્ત્રીપુરુષને **મંદિર ઘુમ્મટમાંયે** અળગાં પાડ્યાં ને **સ્પર્શ નિષેધ** ઉચ્ચાર્યો. સ્ત્રીપુરુષના દર્શનમાર્ગેય નિરનિરાળા, ક્યાંક-ક્યાંક તો આમના મંદિરોયે નિરનિરાળાં કીધાં. સ્ત્રીજનને **પંચવર્તમાન** ધરાવવાનું પણ (આચાર્યપત્ની ગાદીવાળાને જ) સોંપ્યું. સંતોને અષ્ટધા નારી વર્જી નૈષ્ઠિક બ્રહ્મચર્યનો આદેશ અપાયો. દેશમાં ડંકો વાગ્યો કે સ્વામિનારાયણ તો **સદ્ધર્મ** સ્થાપવાને આવ્યા છે. પરિણામે સ્વામિનારાયણને મંદિરે-મંદિરે આજ **બ્રહ્મચારિણી ભૂમિ** છે!'
>
> કવિવર શ્રી ન્હાનાલાલ

તેવો અર્થ થાય છે.

સામાજિક અને ધાર્મિક કાયદાની રૂએ સ્ત્રી અને પુરુષ લગ્નગ્રંથીથી જોડાયા હોય તો પરણ્યા એ જ પત્ની. પછી તમામ જે સ્ત્રી છે તે **પરસ્ત્રી** છે. ઘણાં લોકો વેશ્યાને પરસ્ત્રી ગણતા નથી, પણ તેને શાસ્ત્રો સંમતિ આપતા નથી. સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી **'શિક્ષાપત્રી ભાષ્ય** અર્થદીપિકા'માં કહે છે :- 'જે સ્ત્રીઓ ધનથી પોતાના શરીરને વેચતી હોય, એવી સ્ત્રીઓને તો શાસ્ત્રમાં **વેશ્યા** કહેલી છે. અને વેશ્યા સ્ત્રીનો સંગ કરવામાં અધિક દોષ શાસ્ત્રમાં બતાવ્યો છે.' પોતે જે સ્ત્રીને પરણ્યા છે, એ જ પોતાની પત્ની છે. એ સિવાય જગતની તમામ સ્ત્રીઓ તેના માટે **પરસ્ત્રી** છે. એવી જ રીતે સ્ત્રીઓને પોતાના પરણ્યા પતિ સિવાયના પુરુષો તે **પરપુરુષ** છે.

કાયદાને ચોપડે નોંધાયેલ વિશ્વના સૌપ્રથમ **છૂટાછેડા** સને ૧૬૩૯માં અમેરિકાના લક્સફર્ડ દંપતીના હતા. તેનું કારણ હતું - **લગ્નેતર સંબંધો.**

તેથી જ તો શિક્ષાપત્રીમાં ભગવાન શ્રીહરિ પ્રત્યેક ગૃહસ્થ દંપતીને **સ્પષ્ટ** કહે છે.

'પુરુષ કે સ્ત્રીએ **વ્યભિચાર** ન કરવો' એટલું જ નહિ આ બાબતે પરસ્પરનો વિશ્વાસ તૂટે, શંકાનું કારણ બને, તથા મનને ઢળતો ઢાળો આપી લગ્નેતર **આડા સંબંધો** સુધી લઈ જઈ શકે તેવા સાહજિક વર્તનથી પણ શિક્ષાપત્રી ચેતવે છે. પતિ માટે, 'નિકટના સંબંધ વિનાની સ્ત્રીને સ્પર્શવું નહિ.' (શ્લોક - ૧૩૫) 'આપત્કાળ વિના યુવાવસ્થામાં મા-બહેન કે દીકરી સંગાથે પણ એકાંતમાં ન રહેવું.' (શ્લોક - ૧૩૬) 'પત્ની માટે, રૂપ-યૌવનયુક્ત ગુણવાન અન્ય પુરુષનો પ્રસંગ સહજ સ્વભાવે પણ ન કરવો.' (શ્લોક - ૧૬૦) 'પોતાની નાભિ, સાથળ અને છાતીને પરપુરુષ દેખે તે રીતે ન વર્તવું.' (શ્લોક - ૧૬૧) 'પતિ પરદેશ ગયો હોય ત્યારે આભૂષણ ન ધારવાં, રૂડાં વસ્ત્ર ન પહેરવાં; પારકે ઘેર બેસવા ન જવું અને હાસ્ય વિનોદાદિકનો ત્યાગ કરવો.' (શ્લોક - ૧૬૨)

ભગવાન શ્રીહરિ ગઢડા અંત્ય પ્રકરણના ૧૬મા વચનામૃતમાં **પતિવ્રતા સ્ત્રી**ની **વ્યાખ્યા** કરતા કહે છે :- 'જેમ પતિવ્રતા સ્ત્રી હોય તેને પોતાનો પતિ કંગાલ હોય ને કુરૂપ હોય અથવા રોગી કે વૃદ્ધ હોય, તો પણ બીજા જે તાલેવર ને રૂપવાન ને યૌવનવાન પુરુષ તેને જોઈને લેશમાત્ર મનમાં ગુણ આવે નહિ. અને જે પતિવ્રતા હોય તે તો બીજા પુરુષ સામું ભાવે કરીને જુવે અથવા હસીને બોલે ત્યારે તેનું પતિવ્રતાપણું નાશ પામે. અને તે પતિવ્રતાને ઘેર કોઈક પરૂણા આવ્યા હોય તો તેને અન્નજળ આપે તથા પોતાના પતિના જે સંબંધીપુરુષ તેને પણ અન્નજળ આપે તે તો પતિના સંબંધી જાણીને આપે; પણ પોતાના પતિના જેવી બીજા પુરુષમાત્ર સંગાથે લેશમાત્ર પ્રીતિ ન હોય અને પોતાના પતિના જેવી બીજા પુરુષનો ગુણ પણ ન આવે ને પોતાના પતિની મરજી પ્રમાણે જ વર્તે એવી રીતે પતિવ્રતા સ્ત્રીને પોતાના પતિ સંઘાથે **દૃઢ ટેક** છે.'

કવિવર શ્રી **ન્હાનાલાલ** કહે છે : 'સદાચરણના ઝરણાં શ્રીજીએ મંદિરોમાંથી વહેતા કીધા. પંચવર્તમાન સ્થાપી સાધુ સત્સંગીઓમાં ને સત્પ્રણાલિકાઓ સ્થાપી દેવમંદિરોમાં સદાચરણ પ્રચાર શ્રીજીએ કીધો. ચકમકને લોઢું ભેગા થાય કે અગ્નિ પ્રકટે - એ અનુભવે શ્રીજીએ સ્ત્રીપુરુષને **મંદિર ઘુમ્મટમાંયે** અળગાં પાડ્યાં ને **સ્પર્શ નિષેધ** ઉચ્ચાર્યો. સ્ત્રીપુરુષના દર્શનમાર્ગેય નિરનિરાળા, ક્યાંક-ક્યાંક તો આમના મંદિરોયે નિરનિરાળાં કીધાં. સ્ત્રીજનને **પંચવર્તમાન** ધરાવવાનું પણ (આચાર્યપત્ની ગાદીવાળાને જ) સોંપ્યું. સંતોને અષ્ટધા નારી વર્જી નૈષ્ઠિક બ્રહ્મચર્યનો આદેશ અપાયો. દેશમાં ડંકો વાગ્યો કે સ્વામિનારાયણ તો **સદ્ધર્મ** સ્થાપવાને આવ્યા છે. પરિણામે સ્વામિનારાયણને મંદિરે-મંદિરે આજ **બ્રહ્મચારિણી ભૂમિ** છે !'

ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા પ્રથમ પ્રકરણના ૩૪મા **વચનામૃત**માં કહે છે :- 'જે દિવસથી પરમેશ્વરે આ જગતની સૃષ્ટિ કરી છે તે દિવસથી એવી જ કળ ચડાવી મૂકી છે જે ફરીથી પરમેશ્વરને દાખડો કરવો પડે નહિ અને સંસારની જે વૃદ્ધિ કરવી તે પોતાની મેળે જ થયા કરે એવો ફેર ચડાવી મૂક્યો છે. તે માટે સહજે જ સ્ત્રીમાં પુરુષને હેત થાય છે ને પુરુષમાં સ્ત્રીને હેત થાય છે.'

આ જે વિરાટ સૃષ્ટિ ચલાવવા માટે ભગવાને જે ચરખો ગોઠવ્યો છે, તેમાં અનેક પ્રાણીઓની રચના અને એમાંય પ્રાણીઓનો વંશ ચાલુ રહે તે માટે **વ્યવસ્થિત તંત્ર** ગોઠવ્યું છે તેનું નામ છે : કામનો આવેગ ! જાતીયતા ! એ **આયોજન** કુદરતનું છે. એ આપણું સર્જન નથી. કારણ કે જેણે પ્રાણીઓ બનાવ્યા, તેને આ પ્રાણીઓનો વંશ ટકાવવો છે. માટે પરમાત્માએ આવી **કામની ઊર્મિ** મૂકી છે, આવેગ મૂક્યો છે.

આ રીતે **મનુષ્ય** પણ એક **પ્રાણી** છે. તેનામાં પણ આ તંત્ર - આ **આવેગ** પણ છે. પરંતુ એ **સંયમના દોરડાથી** ધર્મના બંધનથી બંધાયેલો હોય તો એ **ધર્મ** છે નહિ તો વિસ્ફોટ...!!!

માણસે ખુદ હાથમાં કુહાડી લીધી અને વિજ્ઞાનની વધતી પ્રગતિના સહારે પોતાના જ પગ પર કુહાડી મારી. અનેક મનને વિકારવાન બનાવે એવી સુવિધા (?) બનાવી.

વિજ્ઞાને આ જગતના ચરણે **બે પ્રકારના સાધનો**ની ભેટ

અનુસંધાન પેજ ૨૭ પર

# લાલબત્તી - ૫

# વટલવું નહિ - વટલાવવું નહિ



“‘अग्राह्यान्नेन
पक्कं यदन्नं तदुदकं च न ।
जगन्नाथपुरं हित्वा ग्राह्यं कृष्णप्रसाद्यपि ॥’
અને જેના હાથનું રાંધેલ અન્ન તથા જેના પાત્રનું જળ તે ખપતું ન હોય તેણે રાંધેલ અન્ન તથા તેના પાત્રનું જળ, તે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રસાદી ચરણામૃતના માહાત્મ્યે કરીને પણ જગન્નાથપુરી વિના અન્ય સ્થાનકને વિષે ગ્રહણ ન કરવું.
સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ
(શિક્ષાપત્રી : શ્લોક - ૧૯)”

ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રબોધેલ **‘વટલવું નહિ અને વટલાવવું નહિ’** આ વર્તમાન આહારશુદ્ધિ અને તેના દ્વારા વિચારશુદ્ધિ માટે ખૂબજ મહત્ત્વનું છે. તે માટે જ ભગવાન શ્રીહરિએ શિક્ષાપત્રીમાં આ બાબતની **આજ્ઞા** કરી છે :

‘अग्राह्यान्नेन पक्कं यदन्नं तदुदकं च न ।
जगन्नाथपुरं हित्वा ग्राह्यं कृष्णप्रसाद्यपि ॥’

અને જેના હાથનું રાંધેલ અન્ન તથા જેના પાત્રનું જળ તે ખપતું ન હોય તેણે રાંધેલ અન્ન તથા તેના પાત્રનું જળ, તે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રસાદી ચરણામૃતના માહાત્મ્યે કરીને પણ જગન્નાથપુરી વિના અન્ય સ્થાનકને વિષે ગ્રહણ ન કરવું. (શિક્ષાપત્રી : શ્લોક - ૧૯)

અર્થાત્ જેના હાથનું ન ખપતું હોય તેણે રાંધેલું - પોતાના વર્ણાશ્રમ આચારથી વિરુદ્ધ હોય તેનું - ખાવું નહિ. અર્થાત્ ભક્ષ્ય-ભોજ્ય-લેહ્ય અને ચોષ્ય - આ ચારેય પ્રકારના ભોજન ન ખપે તેનાં લેવા (ગ્રહણ કરવા) નહિ. તથા તેવા પુરુષના હાથનું પાણી, પ્રસાદીનું હોય તો પણ લેવું નહિ (પીવું નહિ). જગન્નાથપુરીને વિષે જગન્નાથજીને નિવેદન કરેલું ભોજન લેવામાં બાધ નથી. (અત્રે જગન્નાથપુરીમાં પણ ભગવાનના ભક્તોએ એ વિવેક જાણવો ખાસ જરૂરી છે કે, જગન્નાથપુરીમાં બ્રાહ્મણો જ ભગવાનની સેવા કરતા હોય છે, તે બ્રાહ્મણો દ્વારા રંધાયેલો ભાત વગેરેનો પ્રસાદ જો ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા મુજબ પાણી વગેરે ગાળીને તથા અપવિત્ર વસ્તુઓ જેવી કે - ડુંગળી-લસણ તથા મદ્ય-માંસાદિના સંસર્ગ રહિત હોય તો જ શાસ્ત્રોક્ત મર્યાદા મુજબ ગ્રાહ્ય કરી શકાય અન્યથા અણગળ પાણી વગેરે જો તેમાં વપરાયેલ હોય કે અપવિત્ર વસ્તુને અડેલ હોય ઈત્યાદિ પાકક્રિયાની અશુદ્ધિ હોય તો ભલે તેમાં વર્ણાશ્રમ મર્યાદા લોપનો દોષ (શિ.શ્લોક - ૧૯ મુજબ સ્પર્શા સ્પર્શી દોષ) ન લાગતો હોય તો પણ પાક કર્તા (રસોઈયા) આદિની પાકક્રિયા શાસ્ત્રોક્ત મુજબ પાણી ગાળીને વાપરવું વગેરે ક્રિયામાં શુદ્ધ ન હોય તો તે પ્રસાદ પણ ન જ જમી શકાય. કારણ કે તે જમવાથી :-

‘अगालितं न पातव्यं पानीयं च पयस्तथा ।’ - ‘ગાળ્યા વિનાનું જે જળ તથા દૂધ તે ન પીવું.’ (શિ. શ્લો. - ૩૦) એ આજ્ઞાનો લોપ થવાથી ‘માંસ’ નામના વર્તમાનનો લોપ કર્યાનું પાપ લાગે અને શ્રીજીમહારાજની આજ્ઞાનો લોપ થવાથી તેમનો રાજીપો ક્યારેય ન જ થાય તે માટે પ્રસાદ લેવામાં શિક્ષાપત્રીની અન્ય આજ્ઞાઓનું પણ અનુસંધાન અવશ્ય રાખવું જ જોઈએ.)

તે સિવાય અન્ય સ્થળને વિષે ન ખપતું હોય તેનું ન લેવું. તે ખાવામાં **સંકરીકરણ** નામના પાપની પ્રાપ્તિ થાય છે. તે વિષ્ણુ સ્મૃતિમાં કહ્યું છે કે, ‘‘પશુઓની હિંસા કરે, અને જેનું ન ખપતું હોય તેનું ખાય તેને સંકરીકરણ નામનું **પાપ** કહેવાય છે.’’ આ સંકરીકરણ પાપની શુદ્ધિ માટે એક મહિના સુધી માત્ર સાથવો જ જમવાનું **પ્રાયશ્ચિત્ત** બતાવેલું છે.

ભગવાનને ધરાવેલું - પ્રસાદીનું અન્ન હોય તો પણ, ભગવાને બાંધેલી પોતાના વર્ણાશ્રમ ધર્મની મર્યાદાનો ભંગ થવાથી નરક પ્રાપ્તિ થાય છે. અને તે

મર્યાદાનું પાલન કરવાથી ભગવાનની કૃપા થાય છે. તેમજ ભક્તિ અને જ્ઞાનની પણ સિદ્ધિ આ વર્ણાશ્રમની મર્યાદા પાળવાથી જ થાય છે. એવું અનુસંધાન રાખીને ભગવાનની પ્રસાદીનું હોય તો પણ ગ્રહણ કરવું નહિ.

સંવર્તઋષિએ કહ્યું છે કે, "ધર્મથી જ ભક્તિ સિદ્ધ થાય છે. "જો કોઈ દુષ્ટ બળાત્કારથી ભય બતાવીને ચાર વર્ણના મનુષ્યને ન ખપતું હોય તેવું ખવડાવીને વટલાવે તો તે મનુષ્ય યાજ્ઞવલ્ક્ય સ્મૃતિના વ્યવહાર અધ્યાયમાં રાજદંડને યોગ્ય કહ્યો છે."

**વટલવું નહિ એટલે** પોતાના અસલ કુલાચારથી ભ્રષ્ટ કે પતિત થવું નહિ, પોતાની જાતિથી ઊતરતી જાતિના જનો સાથે **રોટી-બેટી**ના **વ્યવહાર**થી પોતાના દેહને અભડાવવો નહિ કે તેને અધમ કક્ષામાં ઉતારવો નહિ એટલો જ **સીધો સાદો અર્થ** થાય છે.

તેમજ **વટલાવવું નહિ એટલે** પોતાનાથી ઉચ્ચકક્ષાના ગણાતાં બ્રાહ્મણાદિને પોતાના અન્ન-જળાદિના લેણદેણાદિ પ્રસંગથી તેમને નીચી કક્ષાએ પહોંચાડવા નહિ અર્થાત્ વર્ણસંકરતાને પમાડવા નહિ. એવો **ભાવાર્થ** છે. અને તે માટે રોટી-બેટી વ્યવહાર શાસ્ત્રોક્ત મર્યાદા મુજબ શુદ્ધ રાખવો ખૂબજ જરૂરી છે.

માણસ વટલ્યો એમ ક્યારે કહેવાય તો - "જે વર્ણ કે જ્ઞાતિનું ભોજન આપણે સ્વીકારતા ન હોઈએ એટલે કે જેની સાથે **રોટી વ્યવહાર** (ભોજન વ્યવહાર) નથી, તે વર્ણનું ભોજન ગ્રહણ કરવામાં આવે, ત્યારે એ માણસ **'વટલી ગયો'** એમ કહેવાય છે." તેમજ "જે વર્ણ સાથે **બેટી વ્યવહાર** એટલે કે દીકરી લેવાનો કે દીકરી આપવાનો વ્યવહાર નથી, તેની સાથે બેટી વ્યવહાર કરવામાં આવે ત્યારે તે માણસ **વટલી ગયો** કહેવાય."

આમ, વર્ણાંતરમાં જે **રોટી-બેટી વ્યવહાર** તેની ઉપર આ વર્તમાન સંપૂર્ણ **સંયમ** રાખે છે. આ વર્તમાનથી જ **ભારતીય વર્ણ વ્યવસ્થા** (બ્રાહ્મણ-ક્ષત્રિયાદિના ધર્મ-કર્મ) હાલના સમયમાં જે કાંઈ વિશ્વના અન્ય દેશોથી **શ્રેષ્ઠ** સાબિત થાય છે, જેના પ્રત્યે સ્વયં રાષ્ટ્રપિતા ગાંધીજીને પણ ખૂબજ **ગૌરવ** હતું. તે આ વર્ણાશ્રમ વ્યવસ્થા મજબૂતપણે જળવાઈ રહે છે. માટે આ વર્તમાન જેટલું મજબૂત અને શુદ્ધપણે પાલન થાય તેટલી વર્ણ વ્યવસ્થા પણ દૃઢપણે જળવાઈ રહે છે, પરિણામે લોકોની **સુખાકારી** પણ ખૂબ વધે છે.

આ વિષે જોઈએ **સ્વયં** જગતકર્તા **ભગવાન**ના શબ્દોમાં તથા **ગાંધીજી**ના શબ્દોમાં :-

'चातुर्वण्यं मया सृष्टं गुणकर्म विभागशः' - હે અર્જુન ! ચાર વર્ણની વ્યવસ્થા ગુણ અને કર્મના ભેદ પ્રમાણે મેં જ નિર્માણ કરી છે. (ભગવદ્ ગીતા : ૪/૧૩)

**"વર્ણ વ્યવસ્થાએ તો ભારતના સમાજને છિન્ન-ભિન્ન થતો અટકાવ્યો છે.** એટલે મૂળગત રીતે જો કોઈ આ વર્ણવ્યવસ્થાને તોડવાનો પ્રયાસ કરે તો હું તેના **વિરોધ**માં છું"

(ધર્મમંથન : પેજ નં. ૧૪)

આ રીતે ભારતીય સંસ્કૃતિ એ **વૈદિક સંસ્કૃતિ** છે. અને તે વર્ણવ્યવસ્થાના આધારે જ ટકી રહેલી છે.

એ સંસ્કૃતિના જતન માટે **બે બાબતો** મુખ્ય અને પાયાની છે. (૧) પિંડગત જાળવણી (બેટી વ્યવહારની શુદ્ધિથી) (૨) સંસ્કારગત જાળવણી. (બ્રાહ્મણાદિના કર્મ જે યજ્ઞ-યાજ્ઞાદિ તેમના દ્વારા જ થાય, દેશ રક્ષા - ક્ષત્રિયાદિ દ્વારા થાય, પશુપાલનાદિ વૈશ્ય દ્વારા જ થાય, વગેરે) પરંતુ આ સંસ્કારગત જાળવણી હાલના સમયે યુગ-પરિવર્તનથી ખૂબજ જટિલ બની ગઈ છે. તેમજ પિંડગત - કુળપરંપરાના સંસ્કારો (દેહશુદ્ધિ) રાખવી તે પણ હાલના સમયમાં મુશ્કેલ જેવી જણાય છે. પરંતુ પાલન કરવી અસંભવિત નથી, કારણ કે ભગવાન શ્રીહરિની આજ્ઞા જે હોય છે તે **ત્રિકાલ-અબાધિત** હોય છે. માટે તેનું પાલન દરેક આશ્રિતજનોએ **ચોક્કસ** કરવું જ જોઈએ.

'अग्राह्यान्नेन पक्कं यदन्नं तदुदकं च न । जगन्नाथपुरं हित्वा ग्राह्यं कृष्णप्रसाद्यपि ।।' - આ શ્લોકમાં ઉપલક દૃષ્ટિએ જોતા માત્ર રોટી વ્યવહાર (આહાર શુદ્ધિ) ઉપર જ ભાર મૂકેલો જાણવામાં આવે છે. પરંતુ તેની સાથે જો બેટી વ્યવહાર પણ શુદ્ધ હોય તો જ ઉપરોક્ત આજ્ઞાનું પાલન **યથાર્થ** થઈ શકે છે.

અન્ય જ્ઞાતિ (વર્ણ) સાથે રોટી વ્યવહાર - ભાણાં વ્યવહાર ન રાખવો. તેના **બે કારણો** છે.

(૧) પ્રથમ કારણ એ છે કે, જો રોટી (ભોજન) વ્યવહાર રાખવામાં આવે તો કદાચ બેટી વ્યવહાર પણ થઈ શકે. જો ભોજનથી બે અન્ય વર્ણ ભેળા થઈ જાય તો કદાચ બેટી વ્યવહારથી પણ **ભેળા થઈ જવાય** એવી **દહેશત**ને લીધે, બેટી વ્યવહાર ઉપર **નિયંત્રણ** રાખવા માટે અમુક વર્ણો (પોતાનાથી નીચી જ્ઞાતિ) સાથે રોટી વ્યવહાર - ભોજન વ્યવહાર તોડી નાખવામાં આવ્યો. બેટી વ્યવહારમાં **વટાળ પ્રવૃત્તિ** ન થાય અને તેની **સૂગ** કાયમ જળવાઈ રહે તે માટે સત્પુરુષો-ઋષિઓ દ્વારા આ **વ્યવસ્થા** કરવામાં આવી હશે. કારણ કે, જેના ઘરનું પાણી પણ પીવાનો પ્રસંગ ન હોય તેની સાથે બેટી વ્યવહાર કરવાનો પ્રસંગ પણ ઉપસ્થિત થાય જ નહિ.

(૨) બીજું કારણ એ છે કે, દરેક વર્ણના **આચાર-વિચાર કે સંસ્કાર** એક સરખા નથી હોતાં, માટે જ ઉચ્ચ વર્ણ જે બ્રાહ્મણાદિકના તેવા જ ઉચ્ચ આચારાદિને **યથાવત જાળવી**

**રાખવા માટે** અર્થાત્ પોતાની જ્ઞાતિના વિશુદ્ધ આચારમાંથી નીચે ઊતરી ન જવાય તે માટે પણ આ શ્રીજીમહારાજની આજ્ઞારૂપ 'વટલવું નહિ - વટલાવવું નહિ' એ ભોજન વ્યવહારની મર્યાદાને પાળવી **ખાસ જરૂરી** છે.

પરંતુ હાલના સમયે **રોટી વ્યવહાર** કોની સાથે રાખવો અને કોની સાથે ન રાખવો એ બાબત પણ ખૂબજ જટિલ બની ગઈ છે; તેમાં **કેટલાક પ્રશ્ન** ઉદ્‌ભવે છે કે -

(૧) અમારાથી નીચા વર્ણના લોકો હોય અને **આચાર-વિચાર-સંસ્કાર** અમારાથી **શ્રેષ્ઠ** હોય તો અમારે તે સાથે ભોજન કરવું કે નહિ?

(૨) અમારાથી શ્રેષ્ઠ વર્ણના હોય અને તેમના આચાર-વિચારાદિ સંસ્કાર **સારા ન હોય** તો તેના હાથનું અથવા તેના ઘેરે અમારે જમવું કે નહિ?

(૩) અમારા જ કુટુંબમાં કોઈના **લગ્ન પ્રસંગે** જઈએ ત્યારે ભોજન બનાવનારના આચાર-વિચાર સારાં ન હોય કે શાસ્ત્રોક્ત પ્રમાણે હાથ-પગ ધોવા - સ્નાનાદિ દેહશુદ્ધિનું પાલન ન થતું હોય કે રજસ્વલા ધર્માદિનું પાલન ન થતું હોય તો ત્યાં કેમ કરવું?

(૪) સમૂહભોજનનો પ્રસંગ હોય અને પવિત્ર બ્રાહ્મણો પાસે ભોજન બનાવવામાં આવ્યું હોય, આચાર-વિચાર-સ્વચ્છતા વગેરે પવિત્રતા દરેક રીતે જળવાતી હોય, તો ત્યાં પંક્તિમાં સાથે બેસીને ભોજન કરવું કે નહિ?

આવા કેટલાક **પ્રશ્નો** ઉપસ્થિત થાય તેમાં વિવેકબુદ્ધિથી યોગ્ય અને સંતોષકારક **સમાધાન** માટે શ્રી સત્સંગિજીવન, શિક્ષાપત્રી, વચનામૃત આદિ ધર્મશાસ્ત્રોમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે કરેલી ભોજન સંબંધી **ગ્રાહ્ય-અગ્રાહ્ય**ની વિક્તિ તેના ગુણ - દોષ સાથે વર્ણન કરેલી છે તેમાંથી **વિસ્તારપૂર્વક** જાણવી યોગ્ય છે. તે જાણવાથી ભોજનમાં જે **ચાર પ્રકારના દોષ** છે તેનો વિવેક થવાથી આ વર્તમાન પાળવામાં અંતરાયરૂપ થતી **સમસ્યાઓનું નિરાકરણ** આપમેળે જ થઈ જશે. (આમાં હોટેલ - બજાર કે રેસ્ટોરન્ટમાં અશુદ્ધ રીતે બનાવેલી વાનગીઓને તો ક્યાંય **સ્થાન** જ નથી.) તો હવે જોઈએ :- **ભોજનમાં ચાર પ્રકારના દોષ.**

(૧) સ્વગત દોષ (૨) પ્રાપ્તિ દોષ (૩) નિમિત્ત દોષ (૪) આશ્રય દોષ.

**૧. સ્વગત દોષ :-** જેમ કે, માંસ, માછલી, ઈંડા ભલે ગમે તેટલી સ્વચ્છતાથી કે પવિત્રતાથી રાંધ્યા હોય તોપણ તે ભોજન અપવિત્ર જ છે. તે ક્યારેય શુદ્ધ ન ગણાય કે શુદ્ધ ન જ થાય આ 'સ્વગત દોષ' છે.

**૨. પ્રાપ્તિ દોષ :-** લૂંટીને, ખૂન કરીને, ચોરી કે છેતરપીંડી દ્વારા જે કંઈ રૂપિયા લાવ્યા અને તેમાંથી ભોજનની વ્યવસ્થા કરી હોય તો તે ભોજન 'પ્રાપ્તિ દોષ'યુક્ત કહેવાય અર્થાત્ પવિત્ર ન ગણાય.

**૩. નિમિત્ત દોષ :-** ભોજન પવિત્રપણે રાંધ્યું હોય, તેમાં કોઈ દોષ ન હોય છતાં તેમાં અચાનક અપવિત્ર વસ્તુ પડે, ઉંદર આદિ તેમાં પડીને મરી જાય, કૂતરાં-બિલાડી આવીને બોટી જાય; અથવા તો તેમાં પાણી, દૂધ, ઘી-તેલ વગેરે ગાળ્યા વિનાનું જ વાપર્યું હોય, તો એવું જે ભોજન તૈયાર થયું હોય તે 'નિમિત્ત દોષયુક્ત' ભોજન ગણાય.

**૪. આશ્રય દોષ :-** જે વ્યક્તિ (રસોઈયો) ભોજન બનાવતો હોય તેના આચાર-વિચારાદિ સારાં ન હોય, તે વ્યક્તિ સ્વચ્છતા અને પવિત્રતા જાળવતી ન હોય, તેના વાસણો અશુદ્ધ અને અપવિત્ર હોય કે અખાદ્ય વસ્તુ જે દારુ-માંસ કે ડુંગળી-લસણ આદિથી લેપાયેલા અર્થાત્ દૂષિત હોય તો તે ભોજન 'આશ્રય દોષ'યુક્ત કહેવાય છે.

તેમજ જે સ્ત્રી **રજસ્વલા ધર્મ**નું **પાલન** કરે નહિ અને ભોજન પકાવતી હોય તો તેના સ્પર્શયુક્ત જે ભોજન તે પણ શાસ્ત્રોક્ત મર્યાદા મુજબ **આશ્રય દોષ** યુક્ત ગણાય છે.

**★ દોષોનું નિવારણ :-**

શ્રીજીમહારાજની આજ્ઞા મુજબ **'માંસ'** નામના વર્તમાનનું યથાર્થ પાલન કરવાથી ભોજનના સ્વગત દોષથી બચી શકાય છે. તેમજ **'ચોરી ન કરવી'** એ વર્તમાનનું પાલન યથાર્થપણે કરવાથી ભોજનમાં આવતા પ્રાપ્તિ દોષથી બચી શકાય છે.

ત્યારબાદ બાકી રહેલા (૧) નિમિત્ત દોષ અને (૨) આશ્રય દોષ તે બેનું તો ભગવાન શ્રીહરિની આજ્ઞા પ્રમાણે 'देवतायै भवेद्यस्यै सुरामांसनिवेदनम् । यत्पुरोऽजादिहिंसा च न भक्ष्यं तन्निवेदतम् ॥' - 'જે દેવતાને સુરા અને માંસનું નૈવેદ્ય થતું હોય અને વળી જે દેવતાની આગળ બકરા આદિક જીવની હિંસા થતી હોય તે દેવતાનું નૈવેદ્ય ન ખાવું.' (શિક્ષાપત્રી : શ્લોક - ૨૨)

ઈત્યાદિ શિક્ષાપત્રી ભાષ્યાદિ શાસ્ત્રોમાં કહ્યા મુજબ "જે દેવતાની આગળ પશુહિંસા થતી હોય તે દેવતાને નૈવેદ્ય કરેલું અન્ન પણ સત્ત્વગુણને નાશ કરનારું હોવાથી તે કોઈ પ્રકારે ખાવું નહિ" ઈત્યાદિ **વિવેક** યથાર્થ જાણવાથી જ આ 'વટલવું નહિ અને વટલાવવું નહિ' એ વર્તમાન પાળવાની યથાર્થ **દૃઢતા** થાય છે. માટે તે શિક્ષાપત્રી ભાષ્યાદિ ગ્રંથોની કથાવાર્તા સાંભળીને ઉપરોક્ત પાંચેય વર્તમાન જીવનમાં દૃઢપણે પાલન કરવાથી સર્વાવતારી ભગવાન **શ્રી સ્વામિનારાયણ**ની **પ્રસન્નતા** જરૂર થાય છે. એમાં લેશમાત્ર સંશય નથી.


અનુસંધાન પેજ ૨૩નું ચાલું


ધરી છે. સમયને **બચાવનારા** સાધનોની અને સમયને **પસાર કરવાના** સાધનોની. હીટર-ગીઝર, કુકર-ઘરઘંટી, વોશિંગ મશીન વગેરે સાધનો જો સમય બચાવી રહ્યા છે તો ટી.વી. ઈન્ટરનેટ, મોબાઈલ વગેરે સાધનોના માધ્યમે માણસ સમય **પસાર** કરી રહ્યો છે.

આમાં **ખરી મુશ્કેલી** એ સર્જાય છે કે, સમયને બચાવનારા સાધનો ઘરમાં વસાવીને માણસે સમય તો ખૂબ બચાવી લીધો છે. પરંતુ બચેલા એ સમયને ટી.વી. ઈન્ટરનેટ કે મોબાઈલના ચરણે મૂકી દઈને **માણસ** અને એમાંય ખાસ કરીને યુવાપેઢી **શેતાન બનવાના માર્ગ** તરફ આગળ ધપી રહી છે.

**વ્યભિચાર થવાના કારણો :** અવિવાહિતકાળ, શારીરિક આકર્ષણ, આજનું ગહન શિક્ષણ વગેરે છે. આજના યુગમાં આપણી આસપાસ હરાયા ઢોરની જેમ ફરતા યુવાનો-યુવતીઓને જોઈને સહજ રીતે વિકાર કે ક્ષોભ થાય એવું આજનું **વાતાવરણ** છે. અત્યારે વિજ્ઞાનયુગ કે વિચારયુગ નથી ચાલી રહ્યો. પરંતુ વિકારયુગ, વિલાસયુગ અને વાસનાયુગ ચાલી રહ્યો હોય તેવા આજના યુવાનોના **જીવન** બની ગયા છે. બજારમાં તો શું, પરંતુ ઓફિસોમાં અને કોલ સેન્ટરોમાં કે શાકમાર્કેટોમાં અને કાપડ માર્કેટમાં કે કોલેજોમાં અને સ્કુલોમાં પણ **વાસનાના નગ્ન નૃત્યો** ચાલી રહ્યા છે. આ સ્થિતિમાં તંગ અને ઉદ્‌ભટ વસ્ત્રો પહેરીને આજના યુવાન-યુવતીઓ બની-ઠનીને બહાર ફરતા રહેવાનો **જુગાર** ખેલી રહ્યા છે.

જે કોઈને પણ આવા દૂષિત વાતાવરણથી અને વ્યભિચારથી બચવું છે, આબરુભેર જીવીને સુખી થવું છે, તેને ભગવાન શ્રીહરિનું આ ચોથું વર્તમાન **'વ્યભિચાર ન કરવો'** તેનું જતન કરવું પડશે.

આજે જ આપના ઘરમાં વસાવો

ટૂંકા જ સમયમાં ત્રીજી આવૃત્તિનું નૂતન પ્રકાશન...

શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહિમા

લેખક :- સાધુ યોગેશ્વરદાસજી, ગુરુ :- પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

ગ્રંથ-પુસ્તક

ફરેણીમાં ભગવાન શ્રીહરિએ **સં. ૧૮૫૮ના માગશર વદ - ૧૧, તા. ૩૧-૧૨-૧૮૦૧**ની સભામાં સ્વમુખે **'સ્વામિનારાયણ'** મહામંત્રનો ઉદ્‌ઘોષ કર્યો. ત્યારથી અવિરતપણે સંપ્રદાયમાં સર્વ આબાલવૃદ્ધ અનુયાયી નરનારીઓ આ **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રના નામનું ભજન સ્મરણ કરે છે. પરંતુ મહામંત્રના જપ સાથે **નામે સહિત નામીનું ભજન** થાય એવા હેતુથી વેદ-શાસ્ત્રોના પ્રમાણો સહિત આ **મહામંત્ર**ના સત્ય અને વાસ્તવિક અર્થને પ્રગટ કરતો ગ્રંથ **'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહિમા'**

શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ સમિતિ - ૨૦૧૦, ગઢપુર











પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના** રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી દ્વિતીય ચરણ આંતરરાષ્ટ્રીય **'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ - જૂનાગઢ'**ના ઉપક્રમે સરધાર મંદિર આયોજીત તા.૨૧-૭-૨૦૧૧ થી ૧૭-૮-૨૦૧૧ સુધી યોજાયેલ **ચારધામ**ની આઠમી


# શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા

**પ્રયોજક :- પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**

સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ સરધારનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના અથાગ પરિશ્રમથી, ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્ય સ્થાન **છપૈયા** અને નીલકંઠ વર્ણીરૂપે શ્રીજીમહારાજે જ્યાં વનવિચરણ કર્યું છે તેમજ ભારત દેશના મુખ્ય તીર્થસ્થાન **ચારધામો**ની વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી દ્વિતીય ચરણ આંતરરાષ્ટ્રીય **'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-જૂનાગઢ'**ના ઉપક્રમે **શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર** દ્વારા આઠમી **'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા'**નું **તા. ૨૧-૦૭-૨૦૧૧ અષાઢ વદ - ૬ થી તા. ૧૭-૦૮-૨૦૧૧ શ્રાવણ વદ - ૪** સુધી આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પેશ્યલ ટ્રેન દ્વારા **નાસિક-ત્ર્યંબકેશ્વર, પંઢરપુર, રામેશ્વર, શ્રીરંગક્ષેત્ર, તિરૂપતિ બાલાજી, જગન્નાથપુરી, કાશી-બનારસ, અલ્હાબાદ-પ્રયાગરાજ, અયોધ્યા, છપૈયા, બદ્રિનાથ, કેદારનાથ, ઋષિકેશ, હરિદ્વાર, મથુરા, ગોકુલ, વૃંદાવન** અને **દ્વારિકા** આદિક પવિત્ર-પાવનકારી તીર્થોની ૨૧ ડબ્બા(ટ્રેન કોચ)ના માધ્યમથી પૂ. સંતો-પાર્ષદો સહિત ૧૪૫૦ યાત્રિકોએ યાત્રા કરી હતી.

અજોડ કલ્યાણકારી ટ્રેનયાત્રામાં જોડાયેલ સંતો-પાર્ષદો અને હરિભક્તો યાત્રિકોની સ્મૃતિ અને દર્શનને ચિરકાળ પર્યંત યાદ કરાવતી આ ટ્રેનયાત્રાની તસ્વીરો દ્વારા આછેરા સંસ્મરણને માણીએ ને તીર્થયાત્રાની અનુભૂતિ સહિત ઉત્કંઠાને પુનઃ પુનઃ નવી નવી જગાવીએ...













**દ્વારકાધામને આંગણે શ્રી સ્વામિનારાયણ મંદિરના પરિસરમાં યોજાયેલ સરધાર મંદિર આયોજીત શ્રી સ્વામિનારાયણ ચારધામ સ્પેશ્યલ ટ્રેનયાત્રા-૨૦૧૧ના યાત્રિકોની સ્વાગત સત્સંગ સભા (તા. ૧૬-૮-૨૦૧૧)**

ચારધામ સ્પેશ્યલ ટ્રેનયાત્રાના યાત્રિકો અનેક તીર્થસ્થાનોના દર્શનનો લાભ લેતા લેતા તા. ૧૬-૮-૨૦૧૧ના રોજ દ્વારકાધામને આંગણે આવી પહોંચ્યા હતા. અહિં શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારી પૂ. સ્વામી હરિપ્રકાશદાસજી સ્વામી દ્વારા યાત્રિકોની સ્વાગત સત્સંગ સભા તેમજ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જૂનાગઢથી પૂ. ચેરમેન સ્વામી, પૂ. મહંત સ્વામી આદિક શ્રી રાધારમણ દેવ ટ્રસ્ટ મંડળના સભ્યો ઉપસ્થિત રહી પૂ. સ્વામી તેમજ યાત્રિકોને સત્કાર્યા હતા.




# સત્સંગ સમાચાર પત્રિકા

- સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી



**પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી દહિસર(મુંબઈ)ને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ 'દ્વિમાસિક સત્સંગ સભા તથા વાર્ષિકોત્સવ' (તા. ૨૪-૭-૨૦૧૧)**

સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ તેમજ **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના અધ્યક્ષપદે મુંબઈના પરાવિસ્તારોમાં દર બે મહિને **'દિવ્ય દ્વિમાસિક સત્સંગ સભા'**નું ભવ્ય આયોજન થાય છે. તે રીતે તા. ૨૪-૭-૨૦૧૧ના રોજ પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં અખિલ ભારતીય શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ અંતર્ગત શ્રી ઘનશ્યામ બાળ-યુવક મંડળ - દહિસર દ્વારા સત્સંગ સભા તથા મંડળ સ્થાપનાના વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં બગસરાથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી આદિક સંતો પધારી સત્સંગ-કથાવાર્તાનો લાભ આપ્યો હતો.
















**વડોદરા શહેરને આંગણે યોજાયેલ દ્વારકા શારદાપીઠના પ.પૂ. સ્વામી શ્રી સદાનંદ સરસ્વતીજી (ભાવિ શંકરાચાર્યજી)ના 'પ૩મા જન્મોત્સવ' પ્રસંગે ઉપસ્થિત પ.પૂ. લાલજી મહારાજશ્રી - વડતાલ (તા. ૧૫-૮-૨૦૧૧)**

વડોદરા શહેરને આંગણે તા. ૧૫-૮-૨૦૧૧ (ભારત સ્વતંત્રતા દિન)ના રોજ જ્યોતિષ્પીઠાધીશ્વર તથા દ્વારકા શારદાપીઠાધીશ્વર જગદ્‌ગુરુ શંકરાચાર્ય **પ.પૂ. સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીજી મહારાજશ્રી**ના કૃપાપાત્ર શિષ્ય **પ.પૂ. સ્વામી શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજ (ભાવિ શંકરાચાર્યજી)**ના **'પ૩મા જન્મોત્સવ'**નું ચાતુર્માસ આયોજક સમિતિ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂ. સ્વામીજીને હાર્દિક શુભેચ્છા પાઠવવા માટે દક્ષિણ વિભાગ વડતાલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય વતી **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** પૂ. સંતોની સાથે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વડોદરાના **પ.પૂ. શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી** તથા **પૂ. મુક્તાનંદ બાપુ (ચાંપરડા)** આદિક ધર્માચાર્યો તથા સંતો-મહંતો પણ પધારી શોભાની અભિવૃદ્ધિ કરી હતી.

## આપ પુનઃ માણો, ઘેર બેઠાં... 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ - સુરત'

વ્હાલા ભક્તજનો ! સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ. **૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ટૂંક સમય પહેલા સુરતને આંગણે યોજાયેલ **'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ - ૨૦૧૧'**નું પુનઃ પ્રસારણ કેબલ નેટવર્કના માધ્યમથી કરવામાં આવશે. જેની વિગત નીચે મુજબ છે.

**તારીખ :-** ૧-૯-૨૦૧૧ થી ૧૪-૯-૨૦૧૧ સુધી **સમય :-** રાત્રે ૭.૦૦ થી ૧૦.૩૦

| ચેનલ નેટવર્ક | વિસ્તાર |
|---|---|
| સોલંકી | સાવરકુંડલા, ધારી, ખાંભા, રાજુલા, જાફરાબાદ વગેરે તાલુકાના ૪૫૦થી વધારે ગામોમાં પ્રસારણ... |
| GTPL | ખંભાત વિસ્તારના ગામોમાં પ્રસારણ... |
| SK | આણંદ વિસ્તારના ગામોમાં પ્રસારણ... બપોરે ૩.૦૦ થી ૬.૩૦ |
| સાંઈ | સાધલી, શિનોર, ડભોઈ, રાજપીપળા વિસ્તારના ગામોમાં પ્રસારણ... |
| વાલમ | ગારીયાધાર, દામનગર વિસ્તારના ગામોમાં પ્રસારણ... |
| ઉપાસના | બાબરા, જસદણ વિસ્તારના ગામોમાં પ્રસારણ... |

:: વધુ વિગત માટે સંપર્ક ::
નીતિન હિરાણા - મો. ૯૯૨૫૦૩૦૨૫૦
(શ્રીહરિ ડીજીટલ સ્ટુડીયો - સુરત)

દર મહિનાના પહેલા રવિવારે **સરધાર** અને મહિનાના છેલ્લા શનિવારે **રાજકોટ**માં યોજાતી

:: સરધાર ::
તા. ૪-૯-૧૧
-: સમય :-
સવારે ૮ થી ૧

## અભયદાન સત્સંગ સભા

સંપર્ક :- શ્રી સ્વા. મંદિર - સરધાર, ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧. મો. ૯૮૭૯૭૫૮૫૦૩
શ્રી મહેન્દ્રભાઈ રાજકોટ - મો. ૯૪૨૬૨૨૯૫૫૮, શ્રી કરશનભાઈ રાજકોટ - મો. ૯૪૨૬૭૮૧૧૭૯

:: રાજકોટ ::
તા. ૨૭-૮-૧૧
-: સમય :-
રાત્રે ૯ થી ૧૧

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પધારો સરધાર...

**દિપાવલીના શુભ અવસર ઉપર ધનતેરશથી આઠમ સુધી...**

ચાલો સરધાર..

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી
પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષપદે સરધારધામને આંગણે સોળમી





૧૬ શ્રી સ્વામિનારાયણ
## સત્સંગ છાવણી
સરધાર ૨૦૧૧



**તારીખ :- ૨૪-૧૦-૨૦૧૧ થી ૩-૧૧-૨૦૧૧ સુધી**

**આયોજક :-** શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩

## "આજે જ આપ માણો.. સાંભળવા તેમજ જોવાલાયક"

સુપ્રસિદ્ધ વક્તા **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી** તથા **પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી**ના સમધુર કંઠે ગવાયેલ

## કથા - પારાયણોની વિડીયો તથા એમ.પી-૩
## માણો ઓનલાઈન :- www.sardharkatha.org

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ **શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના** રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર પ્રકાશિત



# શ્રીમદ્ સત્સંગિજીવન

**સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી દ્વારા વિરચિત શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો મહાન સમ્રાટ ગ્રંથ**

**( મૂળ શ્લોક સહિત ગુજરાતી ભાષાંતર)**

**સંશોધક :-** સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)  **પ્રયોજક :-** પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

## ટૂંક સમયમાં જ ત્રીજી આવૃત્તિનું પ્રકાશન...

વ્હાલા ભક્તજનો ! સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વમુખે જે શાસ્ત્રને ‘સર્વશાસ્ત્રમાં શિરમોડ’નું બિરુદ આપી પ્રશંસા કરેલી છે. તેમજ આરતી-પૂજન કરેલું છે તેવા ‘શ્રીમદ્ સત્સંગિજીવન’ ગ્રંથની આજે ત્રણ વર્ષના સમયગાળા પ્રથમઆવૃત્તિ અને દ્વિતીય આવૃત્તિ મળીને ૧૦,૦૦૦ પ્રત સત્સંગ સમાજમાં વહેંચાઈ જતા, આ ગ્રંથની તૃત્તીય આવૃત્તિ પ્રકાશન કરવાની માંગણી તાકીદે ઊભી થઈ છે ત્યારે સહર્ષ આ ગ્રંથનું પુનઃ પ્રકાશનનું કાર્ય **શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર** દ્વારા હાથ ધરવામાં આવેલું છે.

આ ગ્રંથનું શુદ્ધ અને વિષયવાર હેડીંગ-પેરેગ્રાફાદિ સહિત માટે જ વાંચવામાં સરળ અને શ્રવણગમ્ય ગુજરાતી અનુવાદ તથા પુનઃ પ્રુફ સંશોધનાદિ કાર્ય પણ સરધાર નિવાસી સ્વામી શ્રી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય) દ્વારા જ કરવામાં આવેલ છે.



ફોરકલરમાં વિવિધ ચિત્રાવલિના ૩૫થી વધારે પોઝ (ફોટા) યુક્ત આ ગ્રંથ અંદાજે રૂા. ૫૫૦/- ની મૂળ કિંમતે તૈયાર થશે. પરંતુ આ ગ્રંથમાં, શ્રી સત્સંગિજીવન માહાત્મ્યમાં આ ગ્રંથના **દાનવિધિ** (અધ્યાય : ૭, શ્લોક : ૨૫)માં કહ્યા મુજબ ‘अपुत्रः प्राप्नुयात्पुत्रं निर्धनो धनमाप्नुयात् । शास्त्रस्यैतस्य दानेन विद्यां विद्यार्थ्यवाप्नुयात् ॥૨૫॥’ ‘‘આ શાસ્ત્રનું દાન કરવાથી પુત્ર વિનાનો માણસ પુત્ર પામે છે, દરિદ્ર માણસ ધનવાન થાય છે, વિદ્યાર્થી વિદ્યા મેળવી વિદ્વાન થાય છે’’- આ ગ્રંથના દાનથી શ્રીજીમહારાજનો અત્યંત રાજીપો તેમજ ભક્તજનના સર્વ મનોરથ પૂર્ણ થાય છે, એવું મહાફળ પ્રાપ્ત કરવા ઈચ્છતા ભક્તજનો માટે આ ગ્રંથમાં સૌજન્ય રાખવામાં આવેલું છે. જે કોઈ હરિભક્તો તરફથી **રૂા.૧૧૦૦/-**નું સૌજન્ય આપવામાં આવશે તેમનું આ ગ્રંથમાં દાતાની નામાવલિમાં નામલખાશે તેમજ તેમને **રૂા.૧૧૦૦/-** દીઠ એક ગ્રંથ ભેટ આપવામાં આવશે. (આ પ્રમાણે **રૂા.૨૨૦૦/-** લખાવશે તેને બે સેટ અને **રૂા.૫૫,૦૦૦/-** લખાવશે તેને પાંચ સેટ ભેટ આપવામાં આવશે. તેમઆગળ રકમપ્રમાણે ગ્રંથ ભેટ આપવાનું યથાયોગ્ય જાણી લેવું.) વિશેષમાં દાતા-ભક્તજનો દ્વારા પ્રાપ્ત થયેલા સૌજન્યને આભારી આ ગ્રંથની કિંમત ઓછી થશે, જેથી નાનામાં નાના ભક્તો પણ આ ગ્રંથને પોતાને ઘેર વસાવીને ગ્રંથ સેવનથી કૃતાર્થ થશે અને દાતા-ભક્તોને પણ એક **‘શ્રીમદ્ સત્સંગિજીવન’ના દાન જેટલું ફળ** શ્રીમદ્ સત્સંગિજીવનમાં કહ્યા મુજબ ભગવાન શ્રીહરિની કૃપાથી અવશ્ય પ્રાપ્ત થશે.



ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણના ૫૮માં કહ્યું છે : ‘અમારા સંપ્રદાયની પુષ્ટિ તો અમારા જન્મથી તિરોધાન સુધીના ચરિત્ર સભર શાસ્ત્રના માધ્યમથી જ થાય, પરંતુ અન્ય રીતે ન થાય...’ તો આ ગ્રંથના પ્રકાશન માધ્યમથી સંપ્રદાયની પુષ્ટિ થાય અને હજારો ભક્તજનોને ભગવાન શ્રીહરિની ઓળખાણ થાય અને જીવાત્માની મુક્તિ થાય એવો જ આ ગ્રંથ પ્રકાશનનો હેતુ રહેલો છે.



તો આ ગ્રંથમાં ફૂલ નહિ તો ફૂલની પાંખડી સ્વરૂપે સેવા લખાવી પોતાની સંપત્તિનું સદ્વ્યય કરવાપૂર્વક ગ્રંથલાભ સહિત શ્રીજીમહારાજનો રાજીપો પ્રાપ્ત કરવા ઈચ્છતા ભક્તજનો, **શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**ના નામથી ચેક/ડ્રાફ કે રોકડ રકમમોકલી શકશે. જેની મંદિર તરફથી પાકી પહોંચ આપવામાં આવશે. (**નોંધ :** આ પહોંચને ગ્રંથ ભેટ પ્રાપ્તિ સુધી સાચવીને રાખવી જરૂરી છે.)

**ખાસનોંધ :-** આ ગ્રંથમાં જે કોઈ સેવા-સૌજન્ય લખાવવા માંગતા હોય તેમણે સરધાર મંદિર અથવા તો પૂ. સંતોનો સંપર્ક કરવા વિનંતી.

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર,**

તા.જી. રાજકોટ. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧,

મો. ૯૮૭૯૭૫૮૫૦૩/૧૦, ૯૪૨૮૮૯૦૨૧૧, ૯૯૨૪૨૬૩૨૬૭, ૯૩૨૭૪૪૫૮૨૦

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી દ્વિતીય ચરણ આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ - જૂનાગઢ'ના ઉપક્રમે માણાવદરને આંગણે દ્વિતીય




# શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિર

**પ્રયોજક** પૂ. સ. ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**તારીખ** ૬-૯-૨૦૧૧ થી ૧૦-૯-૨૦૧૧ સુધી

સર્વાવતારી અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તથા દક્ષિણ વિભાગ વડતાલ દેશ પીઠાધિપતિ **પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિધમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ આજ્ઞાથી તેમજ **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના **અધ્યક્ષપદે** સોરઠવાસી ભક્તજનોના સહિયારા પુરુષાર્થથી, ભગવાન શ્રીહરિના ચરણકમળથી અંકિત તેમજ શ્રીજી સમકાલીન સ.ગુ. શ્રી મંજુકેશાનંદ સ્વામી અને પરમભક્તરાજ શ્રી મયારામ ભટ્ટની જન્મભૂમિ એવા **માણાવદર**ને આંગણે વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી **દ્વિતીય ચરણ** આંતરરાષ્ટ્રીય **'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ - જૂનાગઢ'**ના ઉપક્રમે દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ વક્તા **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે **તા. ૬-૯-૧૧ ભાદરવા સુદ - ૯ થી તા. ૧૦-૯-૧૧ ભાદરવા સુદ - ૧૩** સુધી દ્વિતીય **'શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિર'**નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે આ વાતને આપ સુધી પહોંચાડતા અમારા હૃદયમાં અતિ આનંદ થઈ રહ્યો છે. આપ સર્વ ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય આશ્રિત છો અને મહારાજને પામવાના સાચા તાનવાળા છો તો આપણા પ્રાણપ્યારા પ્રિયતમ ભગવાન શ્રીહરિને રીજવવાનો આ સોનેરી અવસર છે તો આ છાવણીમાં શ્રીહરિરસામૃતનું પાન કરવા સહપરિવાર પધારવા અમો સ્નેહભર્યાં નયણે હૃદયપૂર્વક નિમંત્રણ પાઠવીએ છીએ. આપની ઉપસ્થિતિ અમઉરઉદધિ તરંગોને આનંદવર્ધક થશે. અમો આપના આગમનને વધાવવા માટે આતુર છીએ ત્યારે અમો આ પત્રિકા સ્વરૂપે રૂબરૂ મળ્યા તુલ્ય માની જરૂરાજરૂર પધારશોજી. **લી.** ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ - માણાવદર (સોરઠ પ્રદેશ)

## :: દૈનિક કાર્યક્રમ રૂપરેખા ::

**સવાર**

| | |
|---|---|
| ૫-૦૦ થી ૬-૩૦ | સ્નાનાદિક - પૂજાવિધિ |
| ૬-૩૦ થી ૮-૦૦ | પ્રભાતફેરી, મંદિર દર્શન |
| ૮-૦૦ થી ૯-૩૦ | શ્રી હરિસ્મૃતિ કથા<br>વક્તા :- પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી |
| ૯-૩૦ થી ૧૦-૦૦ | જ્ઞાનગોષ્ઠી |
| ૧૦-૦૦ થી ૧૧-૩૦ | વચનામૃત વિવેચન<br>વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી |
| ૧૧-૩૦ થી ૧૨-૦૦ | પ્રવચન, માનસી પૂજા |
| ૧૨-૦૦ થી ૧-૦૦ | મહાપ્રસાદ |

**બપોર**

| | |
|---|---|
| ૧-૦૦ થી ૨-૦૦ | વચનામૃત કથા, પ્રશ્નોત્તરી |
| ૨-૦૦ થી ૩-૩૦ | વિશ્રાંતી |
| ૩-૩૦ થી ૩-૪૫ | માનસી, ફગવા, કીર્તન-ભક્તિ |
| ૩-૪૫ થી ૫-૦૦ | શ્રી હરિસ્મૃતિ કથા<br>વક્તા :- પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી |
| ૫-૦૦ થી ૬-૧૫ | સ્વામીની વાતોની કથા<br>વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી |
| ૬-૧૫ થી ૭-૩૦ | પ્રવચન, ગોડી, આરતી, સ્તુતિ |
| ૭-૩૦ થી ૯-૦૦ | મહાપ્રસાદ, નિયમચેષ્ટા |
| ૯-૦૦ થી ૧૦-૦૦ | કીર્તન વિવેચન<br>વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી |

**આયોજક :-** ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ - માણાવદર (સોરઠ પ્રદેશ)

**શિબિર સ્થળ :-** 'મયુર જીનિંગ ફેકટરી' મીતડી રોડ, માણાવદર, જી. જૂનાગઢ

**સંપર્ક :- શ્રી શાંતિભાઈ રતનપરા** - મો. ૯૪૨૬૧૬૭૭૦૮, **શ્રી ધર્મેશભાઈ મહેતા** - મો. ૯૪૨૬૨૩૦૭૬૬

**તા. ક. :-** બહારગામથી પધારેલ ભક્તજનો માટે ઉતારા તેમજ મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી** મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી
વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી **દ્વિતીય ચરણ** આંતરરાષ્ટ્રીય **'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ - જૂનાગઢ'**ના ઉપક્રમે

# પવિત્ર ધનુર્માસમાં 'શ્રી સત્સંગિજીવન' ગ્રંથરાજના સંવાદસ્થાન



## ચક્રતીર્થ જગન્નાથપુરીને આંગણે...

**તારીખ :- ૨૬-૧૨-૨૦૧૧ થી ૩-૧-૨૦૧૨**

## શ્રીમદ્ સત્સંગિજીવન મહોત્સવ કથા

**પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના**
**શ્રીમુખે ૨૫૦મી કથાપારાયણ**

નોંધ :- આ કથા મહોત્સવનું લાઈવ પ્રસારણ **संस्कार** ચેનલ ઉપર કરવામાં આવશે.

**આયોજક :-** શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. (ગુજરાત)
**સંપર્ક :-** ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩, ૭૬૦૦૦૫૮૫૦૩, ૯૪૨૮૬૮૪૮૬૮ (મહેતાજી)

**Visit us :** www.sardharkatha.com । www.sardhardham.org **E-mail :-** sardharmandir@gmail.com

## :: ખાસ નોંધ ::

આ કથા મહોત્સવમાં આયોજક સમિતિ દ્વારા ફક્ત **૫૦૦૦** હરિભક્તોની લઈ જવાની વ્યવસ્થા હોય, પરંતુ **ફોર્મ ૭૦૦૦** આવી ગયા છે. જેને કારણે **૨૦૦૦ ફોર્મ** કેન્સલ કરવા બદલ આયોજક સમિતિ **ક્ષમા** ચાહે છે. તેમ છતાં આ કથા મહોત્સવમાં પોતાની રીતે **ડાયરેક્ટ** આવવા ઈચ્છતા હરિભક્તો માટે **રહેવા-જમવા**ની વ્યવસ્થા કરવામાં આવશે. પરંતુ તેમણે **સરધાર મંદિરે** જણાવવાનું **ફરજીઆત** રહેશે.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# હેરો-લંડનને આંગણે

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના
રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ના
દિવ્ય સાંનિધ્યમાં વેદ-પુરાણ, શ્રીમદ્ ભાગવત, ભગવદ્ ગીતા, મહાભારત અને રામાયણ
જેવા મહાન શાસ્ત્રોના સારભૂત શ્રી સ્વા. સંપ્રદાયના સમ્રાટ ગ્રંથરાજ




# શ્રીમદ્ સત્સંગિજીવન કથા

**વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**

**તારીખ :- ૨૫ થી ૨૯ ઓગષ્ટ ૨૦૧૧**

**-: સત્સંગ-કથા કાર્યક્રમ :-**
સવારે ૯.૩૦ થી ૧૨.૦૦, સાંજે ૫.૩૦ થી ૮.૦૦
(સાંજે કથા સમાપ્તિ બાદ મહાપ્રસાદની વ્યવસ્થા રાખેલ છે.)

**-: આયોજક :-**
ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ આજ્ઞા-ઉપાસના
સત્સંગ મંડળ - યુ.કે.

## :: Place ::

**'KENTON HALL' Woodcock Hill,**
**Kenton, Harrow, HA3 0PQ**





**Kenton Hall Direction**
From Preston Road Underground Station
- Take BUS 204 or 79 (Stop PA) towards Edgware (Every 8 to 10 Min)
- Get off at Woodcock Hill Preston Road (1 Min; 1 Stop)
- After few yards towards Edgware take left on Woodcock Hill Road
- After 4 min walk on Woodcock Hill Road you will reach at KENTON HALL.

**સંપર્ક :-** નારાયણભાઈ સોની - મો. ૦૭૮૩૦ ૯૭૯ ૮૨૯, હેંમતભાઈ સોની - મો. ૦૭૭૯૮ ૬૫૭ ૨૧૬
નારાયણભાઈ સોલંકી - મો. ૦૭૭૪૭ ૦૫૦ ૨૦૯, દિનેશભાઈ ઓલ્ડહામ - મો. ૦૭૭૮૭૫૧૩૬૦૯

For More Information & Live broadcast Please Visit :- www.swaminarayanvadtalgadi.org


કથા પ્રસારણ :- તા. ૨૬ થી ૩૦-૮-૨૦૧૧ સુધી આસ્થા ચેનલ ઉપર યુરોપ તથા યુ.એસ.એ.માં બપોરે ૩.૦૦ થી સાંજે ૭.૦૦ વાગ્યા સુધી પ્રસારણ કરવામાં આવશે.

आस्था




ન્યૂર્જસી રાજ્યના પ્લેનસ્બોરો ખાતે પ.ભ. શ્રી મનિષભાઈ મલાતજના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય સંન્નિધિમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૪-૭-૨૦૧૧)

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિધમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ સરધાર મંદિર આયોજીત તા.૨૧-૭-૨૦૧૧ થી ૧૭-૮-૨૦૧૧ સુધી યોજાયેલ ચારધામની આઠમી 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા-૨૦૧૧'




પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ સરધાર મંદિર આયોજીત તા.૨૧-૭-૨૦૧૧ થી ૧૭-૮-૨૦૧૧ સુધી યોજાયેલ ચારધામની આઠમી 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા-૨૦૧૧'



વડોદરાને આંગણે યોજાયેલ દ્વારકા શારદાપીઠના પ.પૂ. સ્વામી શ્રી સદાનંદ સરસ્વતીજી (ભાવિ શંકરાચાર્યજી)ના '૫૩મા જન્મોત્સવ' પ્રસંગે ઉપસ્થિત પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૧૫-૮-૧૧)













પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ સરધાર મંદિર આયોજીત
તા.૨૧-૭-૨૦૧૧ થી ૧૭-૮-૨૦૧૧ સુધી યોજાયેલ ચારધામની આઠમી 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા-૨૦૧૧'

Shree Swaminarayan Chintan, August - 2011 Reg. No. GRJ - 517, Valid upto 31-12-2011, RNI No. GUJGUJ10785/06/1/03 - TC_Posted at Rajkot RMS on 20th each month. License to post W.P.P No. G.PMG-RJT/018/2011










પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી સરધાર મંદિર આયોજીત ચારધામની આઠમી 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા-૨૦૧૧'ના યાત્રિકોને દર્શન અને આશીર્વાદ આપવા દેવભૂમિ હરિદ્વારમાં પધારેલા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (૬-૮-૨૦૧૧)






વડોદરા રેલ્વે સ્ટેશન પર યાત્રિક સંતો-ભક્તોને વિદાય આપવા પધારેલા બંને પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા. ૨૧-૭-૨૦૧૧)

છબીકલા : શ્રીહરિકૃષ્ણ વિડિયો વિઝન - સુરત (મો. ૯૪૨૮૬૯૫૫૧૩), જયદિપ ઢાંકેચા - સરધાર

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Sardhar and Printed at Shreeji Art, GF-12, Ashirvad Shopping Center, Ashram RD, Paldi - A'MD. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Patitpavandasji